January-February, 2021



ગુજરાત વેપારી મહામંડળ

# Labour Laws





# મેઘમણી અપનાવો, સમૃદ્ધિ લાવો

## મેઘમણી દ્વારા ઉત્પાદિત ઉત્કૃષ્ટ પાક સંરક્ષણ ઉત્પાદનો

### જંતુનાશક



| | |
|---|---|
| મેગાસ્ટાર | એસિફેટ ૭૫% એસ.પી. |
| કરેજ | ઇમિડાક્લોપ્રિડ ૧૭.૮% એસ. એલ. |
| પ્રોટેક્ટ | ઇમિડાક્લોપ્રિડ ૭૦% ડબલ્યુ. એસ. |
| એવાર્ડ | એસિટામિપ્રિડ ૨૦% એસ. પી. |
| મેગાબાન | ક્લોરપાયરીફૉસ ૨૦% ઈ.સી. |
| ટ્રૂઝો | ટ્રાઈઝોફૉસ ૪૦% ઈ.સી. |
| સિનર્જી | ક્લોર ૫૦% + સાયપર ૫% ઈ.સી. |
| મેગાથ્રિન | સાયપરમેથ્રિન ૧૦% ઈ.સી. |
| મેગાસાયપર | સાયપરમેથ્રિન ૨૫% ઈ.સી. |
| લેજન્ડ | આલ્ફામેથ્રિન ૧૦% ઈ.સી. અને એસ.સી |
| શોગન | લેમ્ડાસાયહેલોથ્રિન ૨.૫% ઈ.સી. |
| શોગનપંચ | લેમ્ડાસાયહેલોથ્રિન ૫% ઈ.સી. |
| મેગામોનો | મોનોક્રોટોફોસ ૩૬% એસ. એલ. |
| સાયપરટૉન | ઇથિયોન ૪૦% + સાયપર ૫% ઈ.સી. |
| લેજન્ડ પ્લસ | ક્લોર ૧૬% + આલ્ફા ૧% ઈ.સી. |
| વેટ-૫૦ | કારટેપ હા. ક્લોરાઈડ ૫૦% એસ.પી. |
| ઇન્નોવા | ઇન્ડોક્સાકાર્બ ૧૪.૫% એસ.સી. |
| વેટ-૪જી | કારટેપ હા. ક્લોરાઈડ ૪% જી. |
| કરેક્ટ | પ્રોફેનો ૪૦% + સાયપર. ૪% ઈ.સી. |
| ટ્રૂઝો સુપર | ડેલ્ટા ૧% + ટ્રાયજો ૩૫ % ઈ.સી. |
| મેગાકલૈમ | ઈમામેક્ટિન બેન્ઝોએટ ૫% એસ.જી. |
| પ્રોવન | પ્રોફેનોફૉસ ૫૦% ઈ.સી. |
| ડીવાઈન | ડી.ડી.વી.પી. ૭૬% ઈ.સી. |
| ડેશ | આલ્ફામેથ્રિન ૫% વે.પા. |
| થીમ | થાયેમેથૉક્સામ ૨૫% ડબલ્યુ. જી. |

### ફૂગનાશક



| | |
|---|---|
| કન્ટ્રોલ | હેક્ઝાકોનાઝૉલ ૫% ઈ.સી. |
| કન્ટ્રોલ ટોટલ | હેક્ઝાકોનાઝૉલ ૫% એસ.સી. |
| ટાઈડ | પ્રોપિકોનાઝૉલ ૨૫% ઈ.સી. |
| મિલસ્ટિન | કાર્બેન્ડાઝિમ ૫૦% વે.પા. |
| મિલઝેબ | મેન્કોઝેબ ૭૫% વે. પા. |
| પ્રોફિટ | ટ્રાઈસાયક્લોઝૉલ ૭૫% વે.પા. |
| મિલવેટ | સલ્ફર ૮૦% ડબલ્યુ. ડી.જી. |
| ટીમ | કાર્બેન્ડાઝિમ ૧૨%+ મેન્કોઝેબ ૬૩% વે.પા. |
| મિલટોપ | થાયોફીનેટ મિથાઈલ ૭૦% વે.પા. |

### નિંદામણનાશક



| | |
|---|---|
| મિલઝિન | એટ્રાઝિન ૫૦% વે.પા. |
| પેન્ડિલિન | પેન્ડિમેથાલિન ૩૦% ઈ.સી. |
| પ્રતીક | સલ્ફોસલ્ફ્યુરૉન ૭૫% ડબલ્યુ. જી. |


**મેઘમણી ઑર્ગેનિક્સ લિમિટેડ**

''મેઘમણી હાઉસ'', સફલ પ્રોફિટિયરની પાછળ, કૉર્પોરેટ રોડ, પ્રહલાદનગર, અમદાવાદ.

ફોન : ૦૭૯-૭૧ ૭૬ ૧૦૦૦,૨૯૭૦૯૬૦૦ ફેક્સ : ૦૭૯-૨૯૭૦ ૯૬૦૫.

E-mail : helpesk@meghmani.com Web Size : www.meghmani.com


ISOQAR QUALITY ASSURED ISO 9001 UKAS QUALITY MANAGEMENT 026

## Leading From The Front


**President**
**Natubhai Patel**

**Sr. Vice President**
**Hemant Shah**

**Vice President**
**K. I. Patel**

**Hon. Secretary**
**Pathik Patwari**

**Hon. Secretary (Regional)**
**V. P. Vaishnav**

**Hon. Treasurer**
**Sachin Patel**

**Immediate Past President**
**Durgesh Buch**


## Contents


Team GCCI Message................................03

GCCI in Action .........................................05

Labour Laws ............................................33

Labour Laws - Code on Wages 2019 .......35

Labour Laws - The Industrial Relation Code 2020...............................37

Labour Laws - Code on Social Security 2020...............................40

Labour Laws - Occupational Safety, Health and Working Conditions Code- 2020 ......45

Important Information...........................49

Regional Chambers Activities.................53

Membership Renewal Fees Information...........................................57

Congratulations .....................................58

Action Taken .........................................58

Representations.....................................58



Gujarat Chamber of Commerce & Industry,
Ashram Road, P. O. Box No. 4045,
Ahmedabad - 380 009.
Tel.: +91 79 26582301 / 2 / 3 / 4,
Email: gcci@gujaratchamber.org,
Web.: www.gujaratchamber.org

We welcome your feedback and suggestions.
Do write to us on :
bulletin@gujaratchamber.org
Per Copy: ₹18/-

# CSR: Much More than Statutory Obligation








Business or otherwise! Reliance is the front runner Indian private sector company. Known for its business acumen and achievements, RIL is also on the forefront in paying back to the society. While education, health, heritage, sustainable development and rural empowerment form the core areas of CSR at RIL, the activities under these gamuts are unique and substantial. RIL has done much more when it comes to actual spending on CSR in India. Not only this, RIL also tops the list of CSR spending in the State of Gujarat. Our CSR initiatives have reached millions over the years and nearly 4,00,000 people benefit from our continuing programmes every year under stewardship of our Chairman & Managing Director Shri Mukesh D. Ambani and Chairperson of Reliance Foundation Smt. Nita M. Ambani.








***Where CSR is constantly being redefined!***

Reliance
Industries Limited
Growth is Life

## Team GCCI Message

સ્નેહી મિત્રો,

આપણા GCCIના મુખપત્ર "જીસીસીઆઈ વોઈસ"ના અંક થકી આપ સૌ સમક્ષ સન્મુખ થતાં આનંદ અનુભવું છું. આપ સૌ જાણો છો તેમ થોડાક સમય પહેલાં જ કેન્દ્રીય સરકાર દ્વારા દેશના "મજૂર કાયદાઓ"માં આમૂલ પરિવર્તન લાવવામાં આવેલ છે. તે અંગેનો જ આ ખાસ વિશેષાંક છે.

મિત્રો, કોરોના પેન્ડેમિકની મધ્યમાં પણ ચેમ્બર્સની પ્રવૃત્તિઓ અવિરત ચાલી રહેલ છે, જે અંગે આપણી બધી જ કમિટીઓ, આપણા પદાધિકારીશ્રીઓ તેમજ કારોબારી સમિતિના સભ્યશ્રીઓ તેમજ આ બધી જ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે આપ સૌને અભિનંદન પાઠવું છું.

ખાસ ઉલ્લેખ કરવા માગું છું, ગત સમયમાં સંપન્ન થયેલ આપણી રિજિયો ચેમ્બર્સ સાથેની મિટિંગ, જેમાં અનેકવિધ પ્રશ્નોની ચર્ચાઓ થઇ તેમજ ગુજરાતના અલગ અલગ રિજિયનમાં પ્રવૃત્ત વ્યાપાર-ઉદ્યોગોના પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય તે અંગે આપણે વિચાર-વિમર્શ કરેલ. આપ સૌ જાણો છો તેમ છેલ્લાં કેટલાંક વર્ષથી ચેમ્બર્સ તેમજ આપણી અલગ-અલગ રિજિયાનલ ચેમ્બર્સ આપણા સુદ્રઢ માળખા થકી ખૂબ જ સુંદર પ્રવૃત્તિઓ કરી રહેલ છે, જે પ્રણાલી આપણે આ વર્ષે પણ જાળવી રાખેલ છે.

ગત સમયમાં જ કેન્દ્રીય નાણાં મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ ના કેન્દ્રીય અંદાજપત્રની પ્રસ્તુતિ કરવામાં આવી, જેનું આપણે ચેમ્બર્સ ખાતે જીવંત પ્રસારણ આયોજિત કર્યું તેમજ તે પછી આપણે મીડિયા થકી અંદાજપત્ર અંગેના તેમજ ગુજરાતના વ્યાપાર-ઉદ્યોગ અને સામાન્ય નાગરિક પર તેની શું અસર પડશે તે અંગે આપણા વિચારો પણ વ્યક્ત કર્યા. સાથે-સાથે આ વિષયના વિદ્વાનોને આમંત્રિત કરી અંદાજપત્રના વિશ્લેષણના કાર્યક્રમનું પણ આપણે આયોજન કર્યું.

અત્રે ઈન્ડોનેશિયાના મુંબઈ ખાતેના કોન્સલ જનરલ તેમજ સાઉથ આફ્રિકન કોન્સલ જનરલ સાથેની આપણી સફળ મિટિંગનો પણ ખાસ ઉલ્લેખ કરવા માગું છું. તે જ પ્રમાણે ગુજરાત રાજ્યના ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા સાથે આપણે સફળ મિટિંગનું આયોજન કર્યું, જે દરમિયાન અનેકવિધ પ્રશ્નોની ચર્ચા-વિચારણા શક્ય બની.

આપણે વિઝાગ ખાતે ગુજરાત એક્સ્પ્રોના આયોજન અંગે વિશાખાપટ્ટનમ ગુજરાતી સમાજના પ્રમુખશ્રી એચ.એમ. ચોકસીજી સાથે પણ એક મિટિંગ કરી. તે જ પ્રમાણે આપણે ભારત તેમજ વિશ્વની ડિફેન્સ વિષયક સામગ્રીની જરૂરિયાત અંગે ભારતીય ઉદ્યોગ શું ભાગ ભજવી શકે તે અંગે પણ એક મિટિંગનું આયોજન કર્યું.

ખાસ ઉલ્લેખનીય પ્રસંગ બની રહ્યો આપણા એ.ડી.આર.સી. સેન્ટરનું ઉદ્ઘાટન. આપ સૌ જાણો છો તેમ આ સેન્ટર ખૂબ જ ઉપયોગી સાબિત થયેલ છે અને અલ્ટરનેટિવ ડિસ્પ્યૂટ રિમોલ્યુશન માટે અનેક સંસ્થાઓ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે.

કોરોના પેન્ડેમિકના કારણે સોશિયલ ડિસ્ટન્સિંગ અનિવાર્ય બનેલ છે, પરંતુ તેના પર્યાયરૂપે આપણે ગત સમયમાં અનેકવિધ "વેબિનાર્સ" નું આયોજન કરેલ છે, જે ખૂબ જ સફળ રહેલ છે.

આપણા આ વેબિનાર થકી આપણે અનેકવિધ પ્રશ્નો તેમજ વિષયોને આવરી લીધા હતા. જેવા કે બિઝનેસમાં વૃદ્ધિ માટે IPR ટૂલ્સનો ઉપયોગ, જેમાં મુખ્ય વક્તા હતા સીએ શ્રી દર્શનભાઈ પટેલ. તે જ પ્રમાણે આપણા પર્યાવરણ ટાસ્ક ફોર્સ તેમજ GDMA દ્વારા આયોજિત લેબર કોડ પરનો વેબિનાર, ગાર્મેન્ટ ઉદ્યોગ અંગે ઓન લાઈન વ્યવસાય કેવી રીતે કરી શકાય તે અંગે સંપૂર્ણ માહિતી પૂરો પાડતો આપણો વેબિનાર.

આપણે સૌ જાણીએ છીએ તેમ કેન્દ્ર સરકારશ્રીએ તેઓના "આત્મનિર્ભર ભારત" મિશન અન્વયે "એમ.એસ.એમ.ઈ." એકમોના વિકાસ પર ખુબ જ ભાર મૂકેલ છે. આ બાબતને ધ્યાનમાં રાખી આપણે આપણી એમ.એસ.એમ.ઈ. કમિટી દ્વારા એમ.એસ.એમ.ઈ. એકમોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક કેવી રીતે બનાવી શકાય તે વિષય પર ખૂબ જ સફળ વેબિનારનું આયોજન કર્યું.

જી.એસ.ટી. તેમજ સી.જી.એસ.ટી. અંગેનો આપનો

સેમિનાર પણ ખુબજ સફળ રહ્યો. તે પ્રમાણે "ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ" જે વર્તમાન સમયમાં ખૂબ જ અગત્યના બનતા જાય છે તેના પર પણ આપણે વેબિનારનું આયોજન કર્યું. આપણી યુવા કમિટી તેમજ સ્ટાર્ટ-અપ કમિટી દ્વારા સ્ટાર્ટ-અપ એકમોમાં રોકાણ એક સુંદર તક અંગે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. આપણી એફ.ઈ.એમ.ઈ. કમિટી દ્વારા હાલમાં ખૂબ જ સફળ સાબિત થયેલ ફિલ્મો અંગેના ઓ.ટી.ટી. પ્લેટફોર્મના સંદર્ભમાં ફિલ્મ વગેરેના ક્રિએટિવ રાઈટ્સનું રક્ષણ કેવી રીતે કરવું તે વિષે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું.

આપણા એન.આર.જી. કેન્દ્ર દ્વારા પણ આપણા કેનેડા ખાતે સ્થાયી થયેલ બિનનિવાસી ગુજરાતીઓના સંદર્ભમાં સુંદર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાત રાજ્યમાં ફાર્માસ્યુટિકલ તેમજ મેડિકલ ટૂરિઝમ ઉદ્યોગને ધ્યાનમાં રાખી આપણે હોસ્પિટલ્સ તેમજ નર્સિંગ હોમ્સ વગેરેમાં ફાયર સેફટી અંગે શું પગલાં લેવાવાં જોઈએ તે અંગે સેમિનારનું આયોજન કર્યું. આપણી ઈન્ફર્મેશન ટેક્નોલોજી કમિટી દ્વારા માઈક્રોસોફ્ટ ઉદ્દપના ઉપયોગ થકી મહત્તમ ડેટા સિક્યુરિટી કેવી રીતે મેળવી શકાય તે અંગે સેમિનાર આયોજિત થયો. આપણે લેખકો તેમજ કલાકારોના હકો તેમજ રોયલ્ટી વગેરેનું રક્ષણ કેવી રીતે કરી શકાય તે અંગે પણ એક સફળ વેબિનારનું આયોજન કર્યું.

આપણી બિઝનેસ વિમેન વિંગ કમિટી દ્વારા પણ અનેકવિધ સેમિનાર તેમજ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું, જેવા કે ડિજિટલ માર્કેટિંગ તેમજ ઈ-કોમર્સ અંગેના સેમિનાર તેઓની ઝાલાવાડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત, મેમોગ્રાફી અંગેના તેઓના કેમ્પ, મકરસંક્રાંતિ ઉત્સવ વગેરે ખૂબ જ સફળ રહ્યાં.

આપણી યુથ વિંગ દ્વારા પણ અનેકવિધ સેમિનાર તેમજ પ્રવૃત્તિઓનું આયોજન થયું, જેમાં પી. એસ. પટેલ રેંડાવું સિરીઝ, આઈસ બ્રેકિંગ સિરીઝ, આપણી રિજિયોનલ ચેમ્બર્સ સાથેની તેઓની મિટિંગ વગેરે ખૂબ જ અભિનંદનીય રહ્યાં.

મિત્રો, આપણા જી.સી.સી.આઈ. વોઈસનો આ અંક ખાસ કેન્દ્ર સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ "લેબર કોડ" પર આધારિત છે. આ લેબર કોડ કેન્દ્રીય સરકારશ્રીના સુધારાત્મક અભિગમના એક ભાગરૂપે છે. "લેબર કોડ" દ્વારા સરકારશ્રીએ પ્રવર્તમાન કાયદાઓનું સરળીકરણ કરેલ છે. પૂર્વ માં જે ૨૦ થી ૩૦ જેટલા કાયદા હતા તેની જગ્યાએ હવે સમગ્ર ભારતમાં લાગુ પડતા માત્ર ચાર લેબર કોડ હશે. આ કોડ થકી કાયદાકીય પ્રક્રિયા તો સરળ બનશે જ, પરંતુ કાયદા હેઠળ સમાવેશ થનાર તમામ વ્યાપારી, ઉદ્યોગકારો વગેરેને સેલ્ફ-સર્ટિફિકેશનની તક મળશે, જે થકી પારદર્શકતામાં વધારો થશે. જયારે જયારે આવાં કોઈ પણ લાંબા ગાળાનાં પરિવર્તન કરવામાં આવે ત્યારે આપણે તે અંગેની શરૂઆતની મુશ્કેલીઓ માટે કદાચ તૈયાર રહેવું પડે, પરંતુ લાંબા ગાળે સમગ્ર અર્થતંત્રને તેના ફાયદા થતા હોય છે. એક બાબત નિશ્ચિત છે કે નવા લેબર કોડ થકી ઔદ્યોગિક સંબંધો વધુ મજબૂત બનશે તેમજ તે થકી અલગ અલગ ઉદ્યોગોમાં ખૂબ જ મોટા પ્રમાણમાં રોકાણ પણ થશે. કેન્દ્ર સરકારશ્રી ચારેય લેબર કોડ્સને એકસાથે ૧ એપ્રિલ ૨૦૨૧થી અમલમાં લાવવા કટિબદ્ધ છે. આપણા બુલેટિન થકી આ લેબર કોડ્સ પર વધુ પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરેલ છે.

સૌ ભારતીયો માટે આનંદ તેમજ ગર્વની બાબત છે કે કોરોના પેન્ડેમિક અંગેની રસીનું વિતરણ તેમજ રસીકરણની પ્રવૃત્તિ માત્ર ભારતીય નાગરિકો માટે જ નહિ, પરંતુ વિશ્વના અન્ય દેશોને પણ આ રસી પૂરી પાડવામાં આપણે સફળ રહેલ છીએ. કેન્દ્રીય નેતૃત્વ તેમજ આપણી ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી તેમજ આપણી હોસ્પિટલ્સ અને અનેક મેડિકલ કેન્દ્રો અભિવાદનને પાત્ર છે. મને વિશ્વાસ છે કે આપ સૌએ પણ કોરોના વાઈરસ અંગેની આ રસી લઈ લીધી હશે.


| નટુભાઈ પટેલ | હેમંત શાહ | કે. આઈ. પટેલ |
|---|---|---|
| *પ્રમુખ* | *સિનિ. ઉપપ્રમુખ* | *ઉપપ્રમુખ* |
| **પથિક પટવારી** | **વી. પી. વૈષ્ણવ** | **સચીન પટેલ** |
| *માનદ્-મંત્રી* | *માનદ્-મંત્રી (રીજનલ)* | *માનદ્-ખજાનચી* |

## Rendezvous series with Shri Prahladbhai Patel - Dt. 05-01-2021





Rendezvous series with Shri Prahladbhai Patel, Founder, CMD of PSP Projects Ltd.

The mission of GCCI Youth Wing is to encourage creation of young business leaders from Gujarat as well as to provide common platform for these entrepreneurs to interact and connect with each other for growth & development of their business. GCCI Youth Wing Chairperson Shri Parth Desai mentioned that to ensure this we arrange different leadership seminars, networking events and learning sessions. Rendezvous series very important for Youth Wing as we call top notch industry leader from the city who have had exemplary journey.

Shri P. S. Patel who established PSP Projects as Civil Contracting Firm in 2006 with mare 15 employees and about 2 lakhs capital & today PSP Projects Ltd. is considered as one of the top 10 EPC (Construction) companies in India. Company has completed close to 150 projects and currently executing about 50 projects worth Rs. 3000 Cr. Within 14 years of establishment, PSP is a public listed company on NSE & BSE with Turnover of more than Rs. 1500 Cr. Company has more than 1300+ employees managing 14000+ labours strengths spread across the projects in pan India.

Felicitation of Shri P. S. Patel was done by President of GCCI Shri Natubhai Patel and other office bearers. He spoke about his journey and emphasised on the involvement of the promoter in day to day problem solving. He mentioned on the values of honesty and integrity and said they are the pillars for success. Few of the topics he highlighted were Mentorship, keeping relations and priority to people than profit of the organisation. He also mentioned believe in yourself and have faith in your knowledge & experience while taking bold decisions for expansions. Importance of technology and processes while growing the business to next level.

He spoke on creating value for the stake holders and investors of the company and forecasted about the labour problem in next 5 years. Lastly, he mentioned and gave credit to his "karmyog" against luck for his success in one of the questions which was asked about what percentage of success is due to luck vs hardwork.

The event was attended by entrepreneurs who are Youth Wing members from diverse industry background.



## Webinar on Digital Marketing - Dt. 05-01-2021





ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન વિંગ કમિટીનાં ચેરપર્સન શ્રીમતી શિલ્પા ભટ્ટ અને IT કમિટી દ્વારા તારીખ ૫/૧/૨૦૨૧ના રોજ એક્સેલરેટ બિઝનેસ ગ્રોથ વિથ ડિજિટલ માર્કેટિંગ સિરીઝ-૧ અંતર્ગત ડિજિટલ માર્કેટિંગના વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વક્તા તરીકે ડોક્ટર રમા મુન્દ્રા સ્ટ્રેટેજી એડવાઈઝર અને શ્રી વિશાલ વાસુ, ડિરેક્ટર, CTO, DEV ITએ સભ્યોને ડિજિટલ માર્કેટિંગ આજના સમયમાં  બિઝનેસના વિકાસમાં કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે તથા તેનો કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ તે અંગેની માહિતી આપી હતી.

ડોક્ટર રમા મુન્દ્રાએ પોતાની પ્રોડક્ટ્સ પ્રમાણે માર્કેટિંગ માટે કેવા ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવો, માર્કેટ  વિષે યોગ્ય માહિતી હોવી, સોશિયલ ટ્રેન્ડ પ્રમાણે માર્કેટિંગ કરવું, લોકલ ભાષામાં બ્લોગ લખી ને ફોલોઅર્સ વધારવા, આપણા  જેવી જ પ્રોડક્ટ્સનું પ્રતિસ્પર્ધી દ્વારા કેવી રીતે માર્કેટિંગ થઈ રહ્યું છે એ ધ્યાનમાં રાખવું વગેરે જેવા મુદ્દા ઉપર ઉદાહરણ આપીને ખુબ સરસ માહિતી આપી હતી.

શ્રી વિશાલ વાસુએ કઈ બાબતોને ધ્યાનમાં રાખીને બિઝનેસને ડિજિટલ માર્કેટિંગથી વેગ આપી શકાય એ માટે  પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપી હતી, જેમાં તેમને બ્રાન્ડ બનવાથી લઈને ગ્રાહકને જાળવી રાખવા સુધીની માહિતી, વર્ચ્યુઅલ આઈડેન્ટિટિ, કન્ટેન્ટ ડિઝાઈન વગેરેમાં ધ્યાન રાખવા જેવી બાબતો જણાવી હતી. અલગ અલગ ડિજિટલ પ્લેટફોર્મ જેવાં કે ફેસબુક, ટ્વિટર, લિન્કડઈન, પિન્ટરેસ્ટ, યુટ્યૂબ વગેરે ઉપર બ્રાન્ડિંગ કેવી રીતે કરવું, કેટલા સમયે એ તેના ઉપર પોસ્ટ કરવું, વોઈસ અને ટોન કેવાં રાખવાં એ અંગે માહિતી આપી હતી.

આ વેબિનાર સભ્યો માટે ખૂબ જ માહિતીપ્રદ  રહ્યો હતો અને આમાં મોટા પ્રમાણમાં સભ્યો જોડાયા હતા.

## Webinar on “IPR - A Tool to Enhance Business Value” by CA Darshan Patel - Dt. 08-01-2021



Webinar on “IPR – A Tool to Enhance Business Value” a third series of Legal Talks Series for Industries was organized by IPR & Legal Committee of Gujarat Chamber of Commerce & Industry on 8th January, 2021.

Shri Jatin Trivedi, Chairman of committee welcomed all members & Shri Aditya Yagnik, Advocate, IPR & Legal Committee member introduced the speaker CA Darshan Patel. In his address, CA Darshan Patel highlighted on importance of IPR valuation, what is business value, Significance of IPR in detail by presentation and example. He explained about why IP valuation required, various value drivers i.e Business Life Cycle, Profitability in term of cash flows, Market Share, Emerging Technology, Barrier to entry, Growth Prospects, Legal Protection, Remaining Life etc. He shared important tips for value creation with members.

The webinar concluded with a Vote of Thanks by Shri Jatin Trivedi, Chairman, IPR & Legal Committee member, GCCI.

## Youth Wing-Ice Breaker Series-2 - Dt. 08-01-2021





The 2nd session was Ice Breaker Series was arranged with a small group of 20 Youth Wing members to encourage member integration. The introduction was through a buddy system. We also had a group discussion on the case study of a Indian Agritech start-up who had recently raised sizable money from venture capitalist and have been asked to give the comprehensive and cogent plan to the financiers to scale up the business.

## Healthify 2021 - A Yoga Session - Dt. 10-01-2021



Healthify 2021, a yoga session was held by Dr. Prachi Desai and Setu Patel for GCCI Youth Wing spousal members. It was an informative session on Yoga and healthy lifestyle by Mrs. Neha Bhatia. Participants learned about various Yoga poses for boosting Immunity and fitness. Also learned about various yogic cleansing like eye washing, jal neti etc Followed by a healthy breakfast.

## Kite Flying celebration with Smt. Bhavna Mehta & Red FM - Dt. 11-01-2021




તા. ૧૧-૦૧-૨૦૨૧ના રોજ GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટીએ મહિલા સભ્ય શ્રીમતી ભાવનાબહેન મહેતા સાથે કાઈટ ફલાઈંગની ઉજવણી કરી હતી. શ્રીમતી ભાવનાબહેન મહેતા ઈન્ડિયાના પ્રથમ પતંગ ઉડાવનાર મહિલા છે. તેઓ અમદાવાદમાં દીપ કાઈટ ફલાઈંગ નામની ક્લબ પણ ચલાવે છે. આ ઉજવણીમાં 94.3 MY FM રેડિયો પાર્ટનર તરીકે જોડાયું હતું. બિઝનેસ વિમેન વિંગ કમિટીના સભ્યો આ ઉજવણીમાં જોડાયાં હતાં.

## Webinar on Labour Code - Dt. 11-01-2021






તા. ૧૧-૦૧-૨૦૨૧ના રોજ GCCI અને GDMAના સંયુક્ત ઉપક્રમે નવા લેબર કોડ અંગેની માહિતી આપતા વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય હેતુ નવા લેબર કોડ અંતર્ગત કામદારો અને ફેક્ટરીના માલિકોને કેવી અસર થશે એ જણાવવાનો હતો.

વેબિનારમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નટુભાઈ પટેલે એમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે અત્યારે ભારત સરકારના નવા લેબર કોડ સૌના હિતમાં હોય એવું લાગે છે પણ એની ઊંડાણપૂર્વક સમજ હોવી ઘણી આવશ્યક છે. GDMAના પ્રમુખ શ્રી રમેશભાઈ પટેલે સૌ સભ્યોને આવકાર્યા હતા. GCCIના લેબર એન્ડ ઈન્ડસ્ટ્રિઅલ સેફ્ટી ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી અંબરભાઈ પટેલે બંને વક્તાઓનો પરિચય આપ્યો હતો.

વક્તા શ્રી કે. એચ. પટેલ, સિનિ. એડ્વોકેટે એ કોડ ઓન વેજીસ ૨૦૧૯ અને ઈન્ડસ્ટ્રીઅલ રિલેશન્સ કોડ ૨૦૨૦ ઉપર માહિતી આપી હતી. તેમણે આ કોડમાં આયેલા ફેરફારો ઔધોગિક વિવાદનું સરળતાથી અને ઓછા ખર્ચે નિરાકરણ આવે તેવા છે તેમ જણાવ્યું હતું. આ કોડ માં બેઝિક વેજીસ, મહિલા કામદારો ને વધારવા, દરેક એક્ટિવિટીને ઈન્ડસ્ટ્રીની કેટેગરી માં લેવા, હડતાળનો નહિવત્ થઈ ગયેલ અવકાશ, લેબર કોર્ટનું અસ્તિત્ત્વ પણ નહિવત્ થઈ જશે વગેરે જેવા મુદ્દા ઉપર જાણકારી આપી હતી.

વક્તા શ્રી વી. કે. શાહ, નિવૃત્ત ડેપ્યુટી કમિશનર લેબર, એડ્વોકેટ, સલાહકાર અને ટ્રેનર, મજૂર કાયદા એ કોડ ઓન સોશિયલ સિક્યુરિટી-૨૦૨૦ અને ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન્સ કોડ-૨૦૨૦ ઉપર માહિતી આપી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે નવા આવેલ કોડએમાં પેનલટીની રકમ ઘણી ઊંચી રાખવામાં આવેલ છે, જેથી ઔધોગિક એકમો વધુ સાવચેતીપૂર્વક કામ કરે અને કામદારોને સુરક્ષા મળી રહે. આ કોડ માં ઓનલાઈન કામગીરી વધુ થઈ શકશે જેથી કચેરીના ધક્કા ઓછા થઈ જશે અને આપણી અનુકૂળતાથી કામ કરી શકવાની સુવિધા વધી જશે.

આ વેબિનારનું સંચાલન શ્રી સચીન પટેલ, માનદ ખજાનચી, GCCIએ કર્યું હતું. આ કોડ ઉપર બધા સભ્યોના પ્રશ્નોને આવરી લેવાય અને વધુ માહિતી મળી રહે તેવા વેબિનારનું ફરી આયોજન કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

અંતમાં GDMAના માનદ સેક્રેટરી શ્રી દીપકભાઈ પટેલે એ આભારવિધિ કરી વેબિનાર પૂર્ણ કર્યો હતો.

## Webinar on Success Story of Shri Raamdeo Agrawal - Dt. 12-01-2021



Mr. Raamdeo Agrawal is the Chairman of the Motilal Oswal Group

Mr. Parth Desai, Chairperson for GCCI Youth Wing welcomed everyone in a speaker series arranged by Youth Wing learning team.

The session was moderated by Mr. Ameet Desai who is the ex-director and group CFO at Adani Group and the founder of Anubhuti Value Trust.

Mr. Raamdeo Agrawal is the chairman of the Motilal Oswal group which is a fastest growing asset



management company in India. He is the author of the book "The art of wealth creation" and according to Forbes he had a net worth of USD 1 Billion in 2018.

Mr Raamdeo Agrawal mentioned importance of joy of compounding. He shared his mantra for 0 to 1000 Cr "QGLP – Quality, Growth, Longevity, reasonable Price

Few of the take aways

- Start early
- Think big
- Understand power of compounding
- Don't bother about the market
- Pre-requisites–Positive thinking, Philosophy, Inquisitive Mind
- Practice – Vision, Courage, Patience
- Monitor portfolio performance
- Continuously improve

## Webinar on Online Business – The complete know how for Garment Industry - Dt. 12-01-2021



Garment & Made up Task Force of GCCI organized a webinar on 'Online Business -The Complete know how for Garment Industry' was held on 12th January 2021.

**3 following eminent speakers were invited**

- Shri Chahat Shah
- Ms. Sathya Ramaganpathy
- Shri Mahendra Bajaj.

Chairperson Smt Meena ben welcomed all the participants and highlighted the need of Online business in this exceptional situation. She said that all the stake holders want to do on line business but very few are aware of the modalities of the same and agencies involved etc. This webinar is arranged to understand the complete know how of Online business with reference to our garment industries. We have invited speakers from Industry itself and they will share their experience which will be of great help to MSME units.

She requested co-chairman Shri Niraj Shah to introduce the 3 speakers and after the brief introduction the 3 sessions were conducted.

Shri Chahat Shah CBO of Fiber to Fashion emphasized on Influence of Digital commerce on garment industry.

Ms. Sathya Ramaganpathy in her session talked about importance of D2C Ecommerce-setting up and growing your online store. She stated that in present era the most important things for MSMEs are marketing, service to the customer & product quality.

Shri Mahendra Bajaj made a very lively presentation of Live whole sell bazar. COVID pandemic has opened up new opportunities in this business and reaching the customers through this medium has become a must. He gave detailed information how it can be done.

Total about 100 participants had joined the webinar and number of participants had asked the question to the speakers which were replied satisfactorily.

Chairperson herself gave a vote of Thanks and assured that we shall have more such interactive sessions in coming months.

## Visit to The Statue of Unity - Dt. 17-01-21





માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તા. ૧૭-૦૧-૨૦૨૧, રવિવારના રોજ દેશના વિવિધ પ્રદેશોને સ્ટેચ્યૂ ઓફ યુનિટી નજીક કેવડિયા કોલોનીને જોડતી ૮ જેટલી ટ્રેનને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. અમદાવાદથી કેવડિયા કોલોની જતી ટ્રેનમાં ગુજરાત ચેમ્બરના ૨૨ જેટલા સભ્યો જોડાયા હતા.

## Webinar with Shatayu NGO - Dt. 18-01-21






GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટી દ્વારા અંગદાન ઉપર માહિતી આપતો વેબિનાર તા. ૧૮-૦૧-૨૦૨૧ના રોજ રાખવામાં આવ્યો હતો. આ વેબિનારમાં મુખ્ય વક્તા તરીકે શતાયુ ફાઉન્ડેશનનાં મિસ. ભાવના છાબરિયા, CEO ઉપસ્થિત રહ્યાં હતાં. વેબિનારમાં જોડાયેલ સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ, એ.પી. પટેલ આર્ટ્સ એન્ડ એન. પી. પટેલ કોમર્સ કોલેજ, નરોડા, રંજન સ્કૂલ, ચીમનભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશન, ઉત્કર્ષ હેલ્થ કેર ફાઉન્ડેશન, સમ્યક ગ્રૂપ, ઉત્કર્ષ ક્લબ તથા જોડાયેલ વિવિધ NGO ના સભ્યો ને કમિટીના ચેરપર્સન શ્રીમતી શિલ્પાબહેન ભટ્ટે એ આવકાર્યા હતા. કમિટીના કો-ચેરપર્સન શ્રીમતી કુસુમ કૌલ વ્યાસ એ અંગદાન અંગે ભારત માં વિદેશના દેશો કરતાં અંગદાન અંગે ઘણી જાગૃતતા લાવવાની જરૂર છે એમ જણાવતાં હાલની પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં મીસ. ભાવના છાબરિયાએ પ્રેઝન્ટેશન દ્વારા અંગદાન અને શરીરના કોષોના દાન અંગે માહિતી આપી હતી. બ્રેન ડેડની હાલતમાં વ્યક્તિ કોઈ પણ ઉંમરે પોતાનાં હાર્ટ, ફેફસાં, યકૃત, કિડની, આંતરડાં, સ્વાદુપિંડ વગેરે જેવાં અંગોનું અને કોર્નિયા, વેઈન્સ, હાર્ટ વાલ્વ, હાડકા વગેરે જેવા કોષોનું દાન કરી શકે છે. આ અંગોને જરૂરિયાતવાળા વ્યક્તિ સુધી કઈ રીતે પહોંચાડવામાં આવે છે તે અંગે ખૂબ સારી જાણકારી આપી હતી. વધુમાં તેમણે સમાજમાં અંગદાન અંગે પ્રવર્તમાન ગેરમાન્યતાઓની પણ સ્પષ્ટતા કરી હતી અને અંગદાન તથા દેહદાન વચ્ચેના ફેરની પણ માહિતી આપી હતી.

વેબિનારમાં વડોદરાથી મિસ. પ્રીતિ પરીખે તેમના અંગત વ્યક્તિના અંગદાનનો અનુભવ સભ્યોને જણાવ્યો હતો.

કમિટીનાં કો-ચેરપર્સન શ્રીમતી કુસુમ કૌલ વ્યાસે PPP પ્રોજેક્ટ્સ અંતર્ગત અંગદાન અંગે વધુ જાગૃતતા ફેલાવવા જણાવ્યું અને અંતમાં સૌનો આભાર માની વેબિનાર પૂરો કર્યો હતો.

## Regional Chamber Meeting - Dt. 21-01-2021



તા. ૨૧-૦૧-૨૦૨૧ના રોજ રાજકોટ ખાતે GCCIની રિજિયોનલ કાઉન્સિલની મિટિંગ યોજવામાં આવી હતી જેમાં નીચે મુજબના રિજિયોનલ ચેમ્બરોના પ્રમુખ અને અન્ય હોદ્દેદારો તેમજ સ્થાનિક એસોસિયેશનોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા:

૧. શ્રી નટુભાઈ પટેલ, પ્રમુખ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

૨. શ્રી વી.પી. વૈષ્ણવ, પ્રમુખ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

૩. શ્રી હેમંતભાઈ શાહ, સી.ઉપપ્રમુખ, GCCI

૪. શ્રી કે. આઈ. પટેલ, ઉપપ્રમુખ, GCCI

૫. શ્રી પથિક પટવારી, માનદમંત્રી, GCCI

૬. શ્રી વી.પી. વૈષ્ણવ, માનદમંત્રી (રિજિયોનલ), GCCI અને પ્રમુખ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

૭. શ્રી સચીન પટેલ, માનદ ખજાનચી, GCCI

૮. શ્રી દિનેશ નાવડિયા, પ્રમુખ, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

૯. શ્રી નિલેશ શુક્લા, પ્રતિનિધિ, વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

૧૦. શ્રી કિરીટ સોની, પ્રમુખ, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

૧૧. શ્રી શૈલેશ શાહ, પ્રમુખ, ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

૧૨. શ્રી સંજય પુરોહિત, ઉપપ્રમુખ, જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

૧૩. શ્રી દિલીપ પાધ્યા, ચેરમેન, મહાજન સંકલન સમિતિ (બહારગામ) GCCI

મિટિંગની શરૂઆતમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના શ્રી નૌતમ બરાસિયા, ઉપપ્રમુખ દ્વારા આવકાર પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે ઉપસ્થિત સૌ રિજિયોનલ ચેમ્બર અને એસોસિયેશનના પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું કે આ મિટિંગનો ઉદ્દેશ સૌને લગતા મુખ્ય પ્રશ્નોની ચર્ચા કરવાનો છે કે જેનું નિરાકરણ એક ચેમ્બર કે એસોસિયેશન દ્વારા શક્ય નથી પરંતુ સાથે મળીને રજૂઆત કરવાથી તેનો ઉકેલ લાવી શકાય છે,

ત્યારબાદ GCCIના પ્રમુખ શ્રી નટુભાઈ પટેલ દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું, જેમાં તેમણે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો રિજિયોનલ ચેમ્બરોની મિટિંગ યોજવા બદલ આભાર માન્યો હતો. ત્યારબાદ મિટિંગની કાર્યવાહી આગળ ચલાવવા તેમણે GCCIના માનદમંત્રી (રિજિયોનલ) શ્રી વી. પી. વૈષ્ણવને વિનંતી કરી હતી.

માતૃસંસ્થા તરીકે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારો રાજકોટ ખાતે ઉપસ્થિત રહ્યા તે બદલ શ્રી વી. પી. વૈષ્ણવે આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું કે GCCI દ્વારા જે પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી તેમાં ૯૦% જેટલી સફળતા મેળવી શકાઈ છે. તેમણે ચેમ્બરનો વ્યાપ વધારવા અને સંયુક્ત રજૂઆત કરી શકાય તે હેતુથી સૌ એસોસિયેશનોને GCCIના ડાયરેક્ટ સભ્ય બનવા વિનંતી કરી હતી.

ઉપસ્થિત સભ્યો દ્વારા તા. ૩-૧૨-૨૦૨૦ના રોજ મળેલ રિજિયોનલ કાઉન્સિલની મિટિંગનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ મિટિંગમાં ઉપસ્થિત પ્રતિનિધિઓનો ટૂંકો પરિચય લેવામાં આવ્યો હતો. પરિચય બાદ નીચે મુજબના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી:

૧. GCCI પ્રમુખ શ્રી નટુભાઈ પટેલે જણાવ્યું કે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તા. ૧૯-૦૧-૨૦૨૧ના રોજ પત્રથી નીચે મુજબના મુદ્દા મોકલવામાં આવ્યા છે:

- નારી અને માઢિયા ખાતે GIDC માટેના allocation નાં ફોર્મ છેલ્લા એક વર્ષથી ભરેલ હોવા છતાં હજુ થયું નથી.
- અલંગ શિપબ્રેકિંગયાર્ડના allocation માટે જૂનું

measurement થયેલ હોવા છતાં નવા measurement પ્રમાણે કરવાનો આગ્રહ રાખે છે.

● મીઠા ઉદ્યોગના lease ૧૦ વર્ષના હોવાથી lease રિન્યૂ કરાવતી વખતે પડતી મુશ્કેલીઓ.

૨. ફાયર સેફટી અંગેના પ્રશ્ન માટે તેમણે જણાવ્યું કે આ મુદ્દા પર છેલ્લા ૨ મહિનાથી GCCI દ્વારા DISHના ડિરેક્ટર સાથે ચર્ચા કરી તેનો ઉકેલ માટેના પ્રયત્નો કરાયા છે, પરંતુ હજુ પોલીસ ડિપાર્ટમેન્ટ પાસે સ્પષ્ટ સૂચનાના અભાવે તેમના દ્વારા પંચનામું કરાય છે અને બીજી બાજુ ફેક્ટરી બંધ કરવાની નોટિસો પણ મોકલવામાં આવે છે. ઉપસ્થિત સભ્યો દ્વારા આ અંગે GCCIને સાથે રાખી એક કમિટી બનાવી સરકારશ્રી સાથે ચર્ચા કરવા સૂચન કરાયું હતું

૩. હવે જ્યા કોરોનાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે ત્યારે હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગની મુશ્કેલીને જોતાં ૪ મુખ્ય શહેરોમાં રાત્રિ કરફ્યુના સમયમાં ઘટાડો કરી તેને રાત્રે ૧૧.૩૦ કે ૧૨ વાગ્યાથી કરવો જોઈએ અથવા સંપૂર્ણપણે હટાવી લેવો જોઈએ તેવું સૂચન મળ્યું હતું

૪. મોરબી શહેરમાં ઉદ્યોગોના વિકાસની તક જોતા અને નિકાસને વધારવાના ઉદ્દેશથી તે વિસ્તારને સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન (SIR) તરીકે જાહેર કરવા માટે રજૂઆત અંગે ચર્ચા થઇ હતી.

૫. મોરબીમાં ગેસના સપ્લાયના પ્રશ્નો અંગે ચર્ચા થઇ હતી.

૬. રાજ્યમાં પ્રોફેશનલ ટેક્સ નાબૂદ કરવો જોઈએ, જેથી તેના પત્રવ્યવહાર વગેરે માંથી મુક્તિ મળે તેવી રજૂઆત કરવા અંગે ચર્ચા થઇ હતી.

૭. હવે જયારે COVIDના પોઝિટિવ કેસની સંખ્યા ૫%થી ઓછી થઈ છે ત્યારે લગ્ન અને સામાજિક પ્રસંગો માટેની વ્યક્તિઓની મર્યાદા વધારીને ૩૦૦ જેટલી કરવી જોઈએ.

૮. સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રજૂ કરાયેલ પાણીના પ્રશ્નોની રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૯. સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ પાસેથી મળેલ રજૂઆત પ્રમાણે નવી સોલર પોલિસી જૂની પોલિસી કરતાં સારી નથી અને તેમાં કેપેસિટીની મર્યાદા હટાવી દેવામાં આવી છે તે સારું છે, પરંતુ બિલિંગની પોલિસીમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેના કારણે payback period ૪ વર્ષથી વધીને ૬.૫ વર્ષ થઇ જાય છે. આ નિર્ણય અંગે પુનર્વિચારણા કરવા માટે રજૂઆત કરવા અંગે નક્કી કરવામાં આવ્યું હતું.

૧૦. સુરત ખાતે ઘણી સ્પિનિંગ અને વિવિંગ યુનિટો આવેલ છે. એમના દ્વારા છોડાતું પાણી સ્વચ્છ અને રંગ વગરનું હોવા છતાં તેમને ETP પ્લાન્ટ નાખવાનો આગ્રહ કરવામાં આવે છે. આવા યુનિટોને જુદી કેટેગરીમાં ગણવા અંગે રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૧૧. GIDCમાં વિવિધ સેવાઓ આપવા માટેની કૉમર્શિયલ પ્રવૃત્તિ માટે જ્યારે જમીન ખરીદવામાં આવે છે ત્યારે તેમને શહેરના અન્ય વિસ્તારોમાં મળતી સામાન્ય FSI કરતાં ઓછી FSI મળે છે, જેને વધારવા રજૂઆત કરવી.

૧૨. ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યૂશન કંપનીઓ પાસે જ્યારે વધારાના પાવર માટેની અરજી કરવામાં આવે છે ત્યારે વધારાની ડિપોઝિટ વગેરે લેવામાં આવે છે. વધુમાં GEBમાં કેબલ બદલવા માટે ચાર્જ આપવામાં આવા છતાં તેના કોન્ટ્રાક્ટ ન આપવાના કારણે કામમાં ઘણો વિલંબ થાય છે. આ અંગે ISIમાર્કવાળું સમાન લાવવાની મંજૂરી વીજગ્રાહકને આપવામાં આવે તેવી રજૂઆત કરવા તેમજ ડિસ્ટ્રિબ્યૂશન કંપનીઓના આવા અન્ય પ્રશ્નોની રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

૧૩. ટેક્સટાઇલમાં મળતી TUFF સ્કીમની જેમ Gems and Jewellery ઉદ્યોગ માટે નવી સ્કીમ જાહેર કરવા અંગે રજૂઆત કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતું.

૧૪. ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા નીચે મુજબના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી:

● મોરબી અને સંલગ્ન વિસ્તારોમાં ગુજરાત ગેસની પાઈપલાઈન હોવાના કારણે GPCB દ્વારા LPG/Propane/LNG ટેંક નાખવાની મજૂરી આપવામાં આવતી નથી. આ અંગે રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

● વઢવાણ શહેરમાં એકપણ નેશનલ હાઈવે ન હોવા છતાં અને તે અન્ય શહેરોની સરખામણીમાં ઘણું પછાત હોવા છતાં નવી ઔદ્યોગિકનીતિમાં તેને કેટેગરી-૩માં રાખવામાં આવેલ છે, જે વિકસિત શહેરો માટે છે. આ અંગે ઉદ્યોગ કમિશનર ડો. રાહુલ ગુપ્તા સમક્ષ રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૧૫. આગામી મહિનામાં માનનીય મુખ્યમંત્રીશ્રીને ત્રણ કલાકની રિજિયોનલ ચેમ્બરો સાથે એક મિટિંગ યોજવા વિનંતી કરવાનું સૂચન GCCIના પ્રમુખ શ્રી નટુભાઈ પટેલે કર્યું હતું. તેમણે જણાવ્યું કે આ મિટિંગમાં રેવન્યૂ, GPCB, GIDC, જમીનને લગતા તેમજ ઊર્જાને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે તેવી વિનંતી માનનીય મુખ્યમંત્રીશ્રીને કરવામાં આવશે.

૧૬. રાજ્યની ઔદ્યોગિક વસાહતો હવે જ્યારે ક્રિટિકલી પોલ્યૂટેડ એરિયામાંથી નીકળી ગઈ છે ત્યારે દિલ્હી રજૂઆત કરવા એક અધિકારી નિમવામાં આવે, જેથી કાર્યવાહી ઝડપથી થાય તેવી રજૂઆત કરવા શ્રી યોગેશભાઈ પરીખે સૂચન કર્યું હતું.

૧૭. જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી વતી શ્રી જીતેન્દ્ર લાલ દ્વારા નીચે મુજબના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી:

● શિપ માટે ભરેલ વધારાના wharfage chargesની લાખો રૂપિયાની રકમનું રિફંડ મળેલ નથી. તેથી આ અંગે ગુજરાત મેરિટાઇમ બોર્ડને રજૂઆત કરવી.

- પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ ધરાવતી શિપ માટે ૬૦% વધારાનું wharfage charge વસૂલવામાં આવે છે, જે ખૂબ વધુ છે, જેને ઓછો કરવા રજૂઆત કરવી જોઈએ.

૧૮. શ્રી બિપેન્દ્રસિંહ જાડેજાએ નીચે મુજબની રજૂઆત કરી હતી:

- GIDCની સબસિડી મેળવવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની પ્રક્રિયા ખૂબ જ જટિલ અને લાંબી છે. આ પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવાની જરૂરિયાત છે અને N.A.ની જેમ ઓનલાઈન અને ચેકલિસ્ટ પ્રમાણે સમયમર્યાદા સાથેની પ્રક્રિયા હોવી જોઈએ.

૧૯. શ્રી શિવલાલભાઈએ સોલર પ્રોજેક્ટ માટે જમીન ખરીદીના સમયે તેને N.A.માંથી છૂટ આપવી જોઈએ તેવું સૂચન કર્યું હતું.

૨૦. સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વતી શ્રી સુનિલભાઈ વડોદરિયા દ્વારા આગામી રિજિયોનલ કાઉન્સિલની મિટિંગ ભાવનગર ખાતે કરવા માટેનું નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

૨૧. સૂચિત ઝોનની રહેણાક સોસાયટીની જેમ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીને પણ regularize કરવા માટેની તક આપવી જોઈએ તેવું સૂચન કરવામાં આવ્યું હતું.

૨૨. શ્રી દિલીપભાઈ પાધ્યા દ્વારા અઠવાડિયામાં ૧-૨ વેબિનાર ઝોનવાઈઝ કરવા અંગે સૂચન કરવામાં આવ્યું હતું.

શ્રી વી.પી. વૈષ્ણવે આભારવિધિ કરી મિટિંગ પૂર્ણ કરી હતી.

## Meeting with Dr. Rahul Gupta, Industries Commissioner, GoG - Dt. 22-01-2021







On 22nd January, 2021 Gujarat Chamber of Commerce & Industry organized an interactive session on the New Industrial Policy 2020, with Dr. Rahul Gupta, IAS, Industries Commissioner and Chairman iNDEXTb, Government of Gujarat.

Shri Natubhai Patel, President, GCCI in his welcome address appreciated the new industrial policy released by State Government, which has most aspects of the Industries. He appreciated that the Government has taken a significant step by de-linking incentives from State GST, with capital subsidy linked to the Fixed Capital Investment for setting up manufacturing projects in the State and by offering the incentives to relocate to attract investment from organizations looking to move out of China and other countries in view of COVID–19. He highlighted some suggestions related including developing Jamnagar as a hub of Brass Industry, Acceptance of Bank Guarantees by Gujarat Water Infrastructure Ltd, development of GIDCs and Promoting 'Aatma Nirbhar Bharat' by encouraging industries to manufacture import substitutes etc.

Shri Sachin Patel, Hon. Treasurer of GCCI gave a brief introduction of Dr. Rahul Gupta, IAS Industries Commissioner and Chairman iNDEXTb.

Dr. Rahul Gupta, IAS made a detailed presentation on the new industrial policy 2020. In his address he stated that the present industrial policy is the people's policy as it has covered many of demands raised by the representatives of industries. He further stated that even MSMEs can also opt for the benefits. He highlighted the key points of Industrial Policy and stated that State has delinked incentives from State GST upto 12% in capital subsidy. He also mentioned various types of support to MSMEs to compete globally, Support to Start-ups, various types of support for advanced R&D and Patents, Assistance for Industrial Infrastructure and Assistance for Industrial and Logistics Parks.

While discussing the various suggestions given by the President GCCI, he reverted that recently State Government has approved project of upgrade infrastructure of 10 GIDCs and stated that policy will support to 80% of cost. He proposed that through new industrial policy there is more opportunities will arise for investments in the State and asked members to identify the opportunities and sectors for investments and assure his 24X7 support for the implementation of the policy.

Question Answer session was moderated by Shri Pathik Patwari, Secretary, GCCI.

The function was attended by Office Bearers & Executive Committee Members of Gujarat Chamber, Presidents & Members of Regional Chambers and Association Members of GCCI.

Shri Pathik Patwari concluded the event with vote of thanks.

## Investing in Start–ups – An opportunity - Dt. 23-01-2021



The Start-up and Innovation Committee and Youth Wing of Gujarat Chamber of Commerce & Industry organized a panel discussion on Investing in Start-ups – An opportunity at A. H. Hall of GCCI.

The program was moderated by Shri Anupam Jalote, CEO-I Create. There were four speakers as follows:

1. Shri Munir Thakor, Owner, Silicon Computech Pvt. Ltd.
2. Shri Paresh Vasani, CEO & MD, PCB Power Market & Circuit Systems India Ltd.

Speakers explained how to invest and why to invest in Start-up. They stated about the upcoming Start-ups seeking investors for their innovations/ideas. Gujarat saw development in the start-up ecosystem even before the Start-up India initiative was launched. The experts and successful investors present in the programs have shared their experiences. They appealed investors/industrialist to come forward to invest in new Start-ups and support them.

## Webinar on How to make MSMEs Globally Competitive - Dt. 23-01-2021



MSME Committee of GCCI organized a webinar on How to make MSMEs Globally Competitive

**3 following eminent speakers were invited**

- Shri Milan Patel
- Shri Ragesh Bateriwala
- Shri Aniket Shah

Shri Milan Patel, Joint MD, Troikaa Pharma emphasized on technology driven innovation and automization.

Shri Ragesh Bateriwala in his session talked about importance of positive attitude and Solid domestic plan. He stated that in present era the most important things for MSMEs are Research, Quality Marketing, Inspection, Quality Analysis and Documentation management

Shri Aniket Shah discussed the business environment of chemical industry and stated that Gujarat has a very unique opportunity for raw material supply

## BWWC – Visit to Zalawad Chamber of Commerce & Industry - Dt. 28-01-2021



GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટીના મહિલા સભ્યોએ તા. ૨૮-૦૧-૨૦૨૧ના રોજ સુરેન્દ્રનગર ખાતે આવેલ ઝાલાવાડ ચેમ્બર ઓફ કૉમેર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. સૌ પ્રથમ સભ્યો એ ઝાલાવાડ ચેમ્બરના પ્રતિનિધિઓ જોડે મિટિંગ કરી હતી અને પરસ્પર મળીને કેવી રીતે મહિલાઓના ઉત્થાન માટે કાર્યક્રમો કરી શકાય એની ચર્ચા કરી હતી.

કમિટીના મહિલા સભ્યોએ મેકસન કન્ફેક્શનરીની મુલાકાત લીધી હતી, જ્યાં ૧૧૦૦ જેટલી મહિલાઓ કાર્યરત છે.

ત્યારબાદ ટ્રાયલો ઈન્ટિમેટ્સની ઔદ્યોગિક મુલાકાત લીધી હતી, જ્યાં ૫૦૦ જેટલા મહિલા કર્મચારીઓને મળીને તેમની કામગીરી અંગે માહિતી લીધા હતી. તેમણે એસ. કે. પી. બેરિંગ કંપનીની પણ મુલાકાત લીધી હતી. બાદમાં તેઓ નજીકના અંતરિયાળ ગામમાં પટોળાં અને તાંગલિયાનું કામ કરતી વણકર મહિલાઓને મળ્યાં હતાં અને તેમના વણાટકામ અંગેની માહિતી મેળવી હતી અને તેની ખરીદી કરી તેમને પ્રોત્સાહન આપ્યું હતું.

સમગ્ર મુલાકાતમાં ઝાલાવાડ ચેમ્બરના હોદ્દેદારો, સ્થાનિક ઉદ્યોગપતિઓ અને સ્થાનિક પ્રિન્ટ મીડિયા અને ટીવી ચેનલોના સભ્યોએ ખૂબ સારો સહકાર આપ્યો હતો. આ મુલાકાત GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટીના મહિલા સભ્યો માટે માહિતીસભર રહી હતી.

## Webinar on Protecting Film Rights while Setting to OTT Platform - Dt. 28-01-2021




Film, Entertainment, Media and Event (FEME) committee of GCCI organized a webinar on **How to protect your film rights while assigning or selling various rights to OTT Platforms like Netflix, Prime, Hotstar etc.** on 28th January, 2021 at 4 PM.

Chairman FEME Committee, Dr. Aasit Shah gave a brief introduction about Gujarat Chamber of Commerce and Industry (GCCI) and FEME committee, he stated that the FEME committee formed by GCCI to try to make Entertainment and Media sector recognized and promote Gujarati artists, Gujarati talent, Gujarati Media.

Chairman of the committee gave a brief introduction of Speaker, Ms. Devanshi Madiyar. Ms. Devanshi Madiyar is legal consultant, she has consulted many Gujarati movies including wrong side Raju, Hellaro, Be Yaar, Love ni Bhavai etc. She has licensed more than 250 plus films of different languages. She has also worked with Balaji Telefims and Amazon Prime.

Ms. Devanshi Madiyar, in her address stated that film is divided is divided in two parts, theatre and non theatre. Theatre means, theater rights, shows etc. and non theatre part is divided into linear and non-linear. Linear is a television related right.

There are some important points should be considered while entering into contract such as Term, Territory, Exclusivity and Non- exclusivity. While selling rights it is important to have experienced legal person. While discussing the issue of Piracy, she stated that there are few third party agencies who helps in blocking the pirated link.

Shri Nayan Jain, Co-chairman of the committee offered vote of thanks.

FIRST CHOICE
IN TECHNOLOGY AND SERVICE

KHS
Filling and Packaging - Worldwide



*Totally cool, they can do everything!*



**Filling :**
All types of beverages. In glass and PET bottles, cans, and kegs. With filling level, volumetric, or ACF filling technologies.



**Labelling :**
Hotmelt, coldmelt. Paper, film, adhesive pressure. Body, back, neck, tamper-evident, wrap-around, and sleeve labelling.



**Packing and Palletizing :**
Beverages, food and non-food in crates, cases, trays, and shrink packs.

**Technically perfect. Gentle product handling. Highly efficient. Highly economical. Profit from these benefits for yourself and for your customers.**

## KHS MACHINERY PVT. LTD.

**Works :** Near Hirapur Chowkadi, Vatva-Mahemdabad Highway, Ahmedabad - 382 435, India.
Phone : +91-79-6610 0000 • Fax : +91-79-6610 0010
E-mail : khs@khsindia.com • Website : www.khs.com

**Sales Office :** 15, Madhuban, Nr. Madalpur Underbridge, Ellisbridge, Ahmedabad - 380 006, India.
Phone : +91-79-2644 0331, 2644 3236
Fax : +91-79-2644 5146

**Delhi Office :**
Phone : +91-11-2370 9055, 2370 9044
Fax : +91-11-2370 9033

**Mumbai Office :**
Phone : +91-22-2920 4851
Fax : +91-22-2920 4306

**Chennai Office :**
Phone : +91-44-4203 7010
Fax : +91-44-4551 4151

**Hyderabad Office :**
Phone : +91-40-6581 2317

marg 11/2016

## Book Launch "Income Tax-Frequently Asked Questions" - Dt. 28-01-2021



તા. ૨૮-૦૧-૨૧ના રોજ GCCI ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન અને આ વિષયના નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલ "Frequently Asked Questions" પુસ્તિકાનું શ્રી અમિત જૈન, IRS, પ્રિન્સિપલ ચીફ કમિશનર, આવકવેરા, ગુજરાત દ્વારા વિમોચન

## Legal Talk Series - Joint Venture: Evolution & Challenges by Shri Jatin Jalundhwala, - Dt. 30-01-21



IPR & Legal committee of Gujarat Chamber of Commerce & Industry has organized 4th Legal Talks Series for Industries webinar on the topic **Joint Ventures: Evolution & Challenges on 30/01/2021.**

Shri Jatin Trivedi, Chairman, IPR & Legal committee welcomed all the participants and shared details of activities of GCCI and committee.

Shri Jatin Jalundhwala, Jt. President, Legal & CS, Adani Group was the speaker of the webinar. He gave detailed presentation on types of Joint Ventures (JV), stages of JV, forms of legal entities, different legal & contractual terms and various key challenges.

Webinar was moderated by CA Darshan Patel, IPR & Legal Committee member and concluded with a Vote of Thanks by him.

## Webinar with Shri Mukund Purohit on Condition of Gujarati people living in Canada during and after COVID-19 Pandemic and Business Relationship of Gujarat & Canada - Dt. 30-01-21




શ્રી મુકુંદ પુરોહિત, અગ્રણી, એન.આર.આઈ. ઉદ્યોગપતિ, ટોરન્ટો- કેનેડા ૩૦ જાન્યુઆરી, ૨૦૨૧

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને NRG સેન્ટર-અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ "COVID-19" દરમિયાન અને બાદ કેનેડામાં વસતા ગુજરાતીઓની સ્થિતિ અને ગુજરાત કેનેડાના વ્યાપારિક સંબંધો અંગે માહિતી માટેનો વેબિનાર યોજાયો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ 'કોવીડ-૧૯' દરમિયાન તથા બાદ કેનેડામાં વસતા ગુજરાતીઓની સ્થિતિ તથા ગુજરાત સાથેના આર્થિક-વ્યાપારિક સબંધો વિષે માહિતગાર કરવાનો હતો. કાર્યક્રમના અતિથિવિશેષ તરીકે શ્રી મુકુંદ પુરોહિત, અગ્રણી, એન.

આર. આઈ. ઉદ્યોગપતિ, ટોરન્ટો- કેનેડા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અતિથિવિશેષ શ્રી મુકુંદ પુરોહિતે તેમના વક્તવ્યમાં જણાવ્યું કે કેનેડામાં વધુ અભ્યાસ અર્થે અને પી.આર. મેળવીને ગયેલા ગુજરાતી ઈમિગ્રન્ટ્સની કોરોનાના કારણે થયેલી મુશ્કેલીઓ અને તેમના પ્રશ્નો ઉકેલવામાં ત્યાંના સ્થાનિક ગુજરાતી સમુદાયોએ મદદ કરી હતી. આ અંગેની માહિતી શ્રી મુકુંદભાઈ પુરોહિતે આપી હતી. ઉપરાંત કેનેડામાં સ્થાયી થયેલા માટે ગુજરાતમાં રોકાણ કરવા માટે ખૂબજ આકર્ષણ છે એમ પણ જણાવ્યું હતું. એ જ રીતે ગુજરાતના ઉદ્યોગકારોને કેનેડામાં પોતાનો વ્યવસાય કે ઉદ્યોગ શરૂ કરવો હોય તો કેનેડિયન સરકાર તરફથી કેવી કેવી સગવડો ઉપલબ્ધ છે એની પણ વિસ્તૃત માહિતી આપી હતી. GCCIના શ્રી યોગેન્દ્રકુમાર ત્રિવેદી, સેક્રેટરી જનરલ, કેનેડામાં અભ્યાસ પૂરો થયા બાદ પી.આર. મેળવીને કારોબાર અને વ્યવસાય શરૂ કરવા માટે કેનેડામાં કેવી તકો રહેલી છે એ અંગે પણ મુકુંદભાઈ પુરોહિતે માહિતી આપી હતી.

વધુમાં NRG સેન્ટરના માનદ ચેરમેનશ્રી દિગંતભાઈ સોમપુરાએ મુકુંદભાઈ પુરોહિતને અપીલ કરી હતી કે કેનેડામાં વસતા ગુજરાતીઓને ગુજરાત સાથે જોડવા અને ગુજરાત સરકાર ના NRG Foundation તરફથી અપાતાં ગુજરાત કાર્ડ વધુ ને વધુ સભ્યો બનાવી આપવા અપીલ કરી હતી.

આ “COVID-19” દરમિયાન અને બાદ કેનેડામાં વસતા ગુજરાતીઓની સ્થિતિ અને ગુજરાત કેનેડાના વ્યાપારિક સંબંધો” અંગે યોજાયેલ ઓનલાઈન સેમિનારમાં સંખ્યાબંધ લોકોએ ભાગ લીધો હતો.

અંતમાં શ્રી મુકુંદભાઈએ GCCI અને NRG સેન્ટર તથા માનદ ચેરમેન શ્રી દિગંત સોમપુરાનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

## Live telecast – Union Budget: 2021-22 - Dt. 01-02-2021



GCCI had Organized Live telecast of Union Budget: 2021-22 for Executive Committee members and Past Presidents of Gujarat Chamber of Commerce and Industry on 1st February, 2021.

Reporters of Prominent media house were present to interview GCCI's Office Bearers for their reaction on Union Budget: 2021-22. Office Bearers of GCCI mentioned in presser that Budget is balanced, it will benefit in long term and will focus on development.

## Youth Wing Meeting with Regional Chambers - Dt. 02-02-2021




On February 2nd, 2021 GCCI Youth Wing arranged a first ever zoom call in association with Southern Gujarat Chamber of Commerce, Surat to interact with all Youth Wing Chapters across Gujarat. From our regional team all 5 members were present. Chairman Parth Desai, Co Chairs - Runal Patel & Kaumil Patel, Committee members - Sunny Parekh & Jigar Patel. It was a very successful interaction where chairman of existing youthwing chapters were present from SGCCI & Jhalawad. Office bearers from Junagadh Chamber of Commerce and Gandhidham were also present. GCCI Youth Wing has assured them to give all necessary support to open the Youth Wing chapters in their respective chambers. Gandhidham and Surat have invited us for an industry visit & their upcoming exhibition / youth conclave respectively.




૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ ઈન્કમટેક્સ બાર એસોસિયેશન-અમદાવાદ અને ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સના સહયોગથી શ્રી સૌરભ સોપારકર અને શ્રી પરેશભાઈ દવે દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨ના તકનીકી વિશ્લેષણ પર એક ઈન્ટરેક્ટિવ વેબિનારનું આયોજન કર્યું હતું.

જી.સી.સી.આઈ.ના પ્રમુખ શ્રી નટુભાઈ પટેલે પોતાના સ્વાગત પ્રવચનમાં બજેટની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨માં આત્મનિર્ભર ભારત મિશનને ધ્યાનમાં રાખીને ઘણાં પગલાંની જાહેરાત કરવામાં આવી છે.

શ્રી આશુતોષ ઠક્કર, પ્રમુખ, ઈન્કમટેક્સ બાર એસોસિયેશન - અમદાવાદે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે આ દાયકાઓનું સૌથી સારું બજેટ લાગે છે.

શ્રી અરવિંદભાઈ ગૌદાણા, ઉપપ્રમુખ, ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સે સંબોધનમાં જણાવ્યું હતું કે આ બજેટમાં આરોગ્ય અને નવી ટેક્નોલોજી પર ભાર મૂકવામાં આવ્યો છે અને તેથી આપણે આત્મનિર્ભર થવાની જરૂર છે.

જી.સી.સી.આઈ. ઈનડાયરેક્ટ ટેક્સ કમિટીના અધ્યક્ષ શ્રી નયન શેઠે શ્રી પરેશભાઈ દવેનો ટૂંક માં પરિચય આપ્યો હતો.

શ્રી પરેશભાઈ દવેએ તેમના સંબોધનમાં જાણવ્યું હતું કે ટેક્સ રેટ યથાવત્ રાખવામાં આવ્યા છે જે એક વખાણવા યોગ્ય પગલું છે, જોકે અર્થતંત્ર પર કોવિડની અસરો પર સરકાર કેવી રીતે કાર્યવાહી કરશે તે એક મોટો પડકાર છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચના લીધે મલ્ટિપ્લાયર ઈફેક્ટ અર્થતંત્ર પર થશે તે તેમણે આવકાર્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે મૂડીખર્ચ અર્થતંત્રને વેગ આપશે. શ્રી દવેએ ક્લબ અને સેવાનાં સંગઠનો માટે સેવાની વ્યાખ્યામાં સૂચિત સુધારાઓને પણ જણાવ્યા હતા. તેમણે રાહત પગલાં, પ્રક્રિયાગત સુધારા અને અપૂર્ણ અપેક્ષાઓ બજેટની રચના વિષે ટૂંકમાં જણાવ્યું હતું. નિષ્કર્ષમાં તેમણે ટિપ્પણી કરી કે COVID ના લીધે કોઈ નવા કરનો ભાર મૂકવામાં આવ્યો નથી, જે મોટી રાહત છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જીએસટી અને કસ્ટમ સંબંધિત મુદ્દાઓ મોટા પ્રમાણમાં યથાવત્ રાખવામાં આવ્યા છે. દા.ત. કેસ ફરી ખોલવા માટેની સમયમર્યાદામાં ઘટાડો, જીએસટી આકારણીઓ માટે પણ ઉલ્લેખ કરવો જોઈતો હતો.

જીસીસીઆઈના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી હેમંત શાહે શ્રી સૌરભ સોપારકરનો ટૂંકમાં પરિચય આપ્યો હતો.

શ્રી સૌરભ સોપારકરે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે બજેટ અપેક્ષાઓ પર ખરું ઊતરશે તેવું લાગે છે અને જણાવ્યું હતું કે તે વચનબદ્ધ બજેટ છે અને ડાયરેક્ટ ટેક્સ દરખાસ્તો હેઠળ આશરે ૭૯ સૂચિત સુધારા છે. તેમણે COVID છતાં પણ ટેક્સનું માળખું ભારરહિત રાખવાના સરકારના નિર્ણયને બિરદાવ્યો હતો. તેમણે સિનિયર સિટિઝન્સ માટે ટેક્સનું રિટર્ન ભરવામાંથી મુક્તિ, ગુડવિલ પર ઘસારો, ભાગીદારીથી નિવૃત્ત થતાં કિસ્સામાં ટેક્સ ભરપાઈની જવાબદારી, રહેણાક બાંધકામમાં રાહત અને ફેસલેસ અપીલ ટ્રિબ્યુનલને કારણે ઉદભવતા સંભવિત પ્રશ્નો જેવા સુધારાના અમલીકરણમાં કેટલાક વ્યવહારિક મુદ્દા પર પ્રકાશ પાડ્યો હતો.

સહભાગીઓએ સવાલ-જવાબ સત્રમાં સન્માનિત વક્તાઓ સમક્ષ તેમના પ્રશ્નો રજૂ કર્યા હતા, જેનું યોગ્ય રીતે સમાધાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સમાપન શ્રી પથિક પટવારી, સેક્રેટરી જીસીસીઆઈ. દ્વારા આભાર સાથે કરવામાં આવ્યું હતું.












#BEINAM♥MENT™
THE POWER OF STEEL
MaxiM
TUBES COMPANY PVT. LTD.
www.maximtubes.com
STAINLESS STEEL SEAMLESS & WELDED PIPES I TUBES I U TUBES
Ensuring Stainless Performance™

## GCCI Youth Wing Cricket Tournament – GYPL - Dt. 06-02-2021







The most exciting event-GCCI Youth Wing Cricket Tournament – GYPL was held on 6th February at Adani Shantigram cricket ground. Chairperson Parth Desai told that this cricket matched refreshed the spirit of all the members after a tough year with the pandemic and had increased bonding over members. Mr. Pramit Parikh who heads the GYPL told that there were 4 Male team and 3 Female teams who participated and the format of the match was such that every team had players in 3 categories. The first green category was for regular players, orange category was for players who could either bowl or bat well. The red category was for players who were playing for the game of cricket. All the three category players were given equal chance in the match he added. The auctioning of the players were done on 26th January. On the same day celebration of 200 Youth Wing members were also done.

Nirmam Jhaveri's team Jhaveri Smashers won the final match and won the trophy in male category. Vinod Malviya's team Shubham Ke Swagger won the runners up trophy in male category. Niket Shah's team 'Aatma Nirbhar Avengers' and Devem Sheth's team ADS Stars were the participants. All the four team played very well.

Dr. Twinkle Patel's team Midas Magic won the final match in female category. Runal Patel's team Vasa Warriors won the first runners up trophy and Sheetal Zaveri's team Abhishek Zaveri Glitters won 2nd runners up trophy.

The felicitation of the teams were done by GCCI President Shri Natubhai Patel, Vice President Shri K. I. Patel, Hon. Treasurer Shri Sachinbhai Patel and EC member Shri Nileshbhai Desai. The tournament was attended by more than 200 Youth Wing members and their family. Lastly Shri Parth Desai thanked all the sponsors for their contribution for the successful event.

The tournament was being played with all COVID safety precautions and in time slots.

## Inauguration of Alternate Dispute Resolution Centre (ADRC) - Dt. 06-02-2021



On 6th February, 2021, Alternate Dispute Resolution Centre (ADRC) at Gujarat Chamber of Commerce and Industry was inaugurated by the Hon'ble Supreme Court Justice Shri M. R. Shah, Hon'ble Minister for Home, Energy, Legislative and Parliamentary affairs, Law and Justice, GoG, Shri Pradeepsinhji Jadeja and Shri J. Ranjeeth Kumar, IAS, MSME Commissioner, Government of Gujarat remained present for the inaugural ceremony.

Shri Natubhai Patel, President GCCI in his opening remarks stated that the ADRC Centre, since its



inception, is proving to be beneficial especially for the industry as the cases are being resolved in a time-bound manner and at costs which are one of the lowest in the country. Centre is the only Institutional Alternate Dispute Resolution services provider in the state, which provides and strictly follows a code of conduct both for the arbitrators as well as for the parties and their representatives, thus ensuring highest standards of integrity, transparency and neutrality in functioning. GCCI created ADRC realizing the acute need for such facility.

Shri Gopinath Amin, Chairman, ADRC Committee gave a brief introduction of Chief Guest, Hon'ble Mr. Justice M. R. Shah and Guest of Honor Shri Pradeepsinhji Jadeja and briefed about ADR Centre and stated that more than 100 cases have been solved by the centre till now and further he stated that Goa Chamber of Commerce and Industry has requested GCCI to help them in setting up an arbitration centre at Goa, which shows the importance and well-functioning system of GCCI ADRC. He added that the centre is planning to conduct training for arbitrators and mediators and also conduct International Arbitration in near future. He also noted with pleasure that Hon'ble Mr. Justice was present during the initial inauguration of ADR centre and now when centre is shifting to the new upgraded facilities, he is also with us today.

Shri J. Ranjeeth Kumar, IAS, MSME Commissioner in his address appreciated GCCI and stated that it is a great step towards the comprehensive solution. He suggested to consider reduction in the rates of arbitration.

Shri Pradeepsinhji Jadeja, Hon'ble Minister of Home, Energy, Legislative and Parliamentary affairs, Law and Justice, Government of Gujarat, in his key note address appreciated the initiative taken by the GCCI and stated that there is a provision under sub-section-4 of section-14 of the Act, to dispose-of the case within a year and for the benefit of MSME the State created an Institutional Arbitration Council, which was not available earlier. He congratulated Gujarat Chamber of Commerce and Industry for setting up new ADRC centre.

Hon'ble Mr. Justice M.R. Shah in his key note address appreciated the progress made by GCCI ADR centre within short span of time and stated that ADRC in his opinion should be Appropriate Dispute Resolution Centre. Further Hon'ble Justice appealed to Industry fraternity including small association to try solve the issues at initial levels., if elderly members of association will resolve through mediation, it will save relationships of parties and will help in the long run.

Shri Pathik Patwari concluded the event with vote of thanks.












## Meeting with Shri H. M. Choksi, President, Shree Gujarat Samaj, Visakhapatnam, Andhra Pradesh about Gujarat Expo at Vizag - Dt. 11-02-2021

તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ શ્રી ગુજરાતી સમાજ, વિશાખાપટ્ટનમના પ્રમુખ શ્રી એચ.એમ. ચોક્સી સાથે GCCIના હોદ્દેદારોની એક મિટિંગ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ખાતે યોજવામાં આવી હતી. આ મિટિંગમાં પ્રમુખ શ્રી નટુભાઈ પટેલ, સિનિયર ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ શાહ અને ઉપપ્રમુખ શ્રી કે. આઈ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ચોક્સીએ જણાવ્યું હતું કે તેમને વિશાખાપટ્ટનમમાં રહેતા ગુજરાતી સમાજ માટે એક ભવનનું નિર્માણ કરવું છે, જેથી ત્યાંના ગુજરાતી સમાજને તેમના સાંસ્કૃતિક કાર્યક્રમ અને અન્ય પ્રવૃત્તિઓ કરવા માટેનું યોગ્ય સ્થળ મળી રહે. આ ભવન નિર્માણ માટેનું ભંડોળ ઊભું કરવા તેમજ વિશાખાપટ્ટનમના ઉદ્યોગો લાભ ગુજરાત તેમજ અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓ લઈ શકે તે આશયથી નવરાત્રી અને દિવાળીના વચગાળાના સમય દરમિયાન એક એક્સ્પોનું આયોજન કરવા માગે છે. આ એક્સ્પોના આયોજન માટેના માર્ગદર્શન અને સહાય માટે તેમણે GCCIને વિનંતી કરી છે.

તેમણે જણાવ્યું કે વિશાખાપટ્ટનમમાં પેટ્રોકેમિકેલ, સ્ટીલ, બંદરો, કાર્ગો હેન્ડલિંગ, હસ્તકલા, પ્લાયવુડ તેમજ બિલ્ડિંગ મટીરિયલનો ઉદ્યોગ મોટો છે, જેનો લાભ ગુજરાતના વેપારીઓએ લેવો જોઈએ.

GCCIના હોદ્દેદારોએ તેમને ગુજરાત સરકારની એક્ઝિબિશન માટેની સ્કીમનો લાભ લેવા સૂચન કર્યું હતું. વધુમાં તેમણે એક્ઝિબિશન માટે ચોક્કસ તારીખ નક્કી કરી એક Concept Note અને આમંત્રણપત્રિકા બનાવવા સૂચન કર્યું હતું.

## Interactive Session with Start-ups through mentor Box - Dt. 13-02-2021



A virtual interactive session of Start-ups with the members of start-up and Innovation Committee through mentor box of GCCI was organized on 13th February, 2021 at 2.00 PM at GCCI. In this session Chairman Shri Amit Parikh was present along with co-chairman Shri Niraj Shah. Other committee members also participated in the event. Approximately five start-ups with their different sectorial products have represented their products to the committee for investor and marketing support. Chairman assured them to support by all possible means. He also stated that they will be invited in GCCI's EC meeting for exposure of their ideas/products to seek investors for their start-ups. He also assured to get them introduced to different sectorial committees appropriate to their concern products/ideas so that they can get the necessary support from them as well.

# THEY ARE 18+
# OFFER THEM THE LIFESTYLE!

Gen X Membership Starts @ ₹3 Lacs
(Age Group: 18-25 Years Only)





At The Edge Of The City Nestled In Greenery, Awaits A Plush Lifestyle In The Lap Of Luxury. With 9 Hole Par 36 Golf Courses And A Multitude Of Amenities For Your Indulgence And Leisure, **Gulmohar Greens** Is The Place To Be.

## GULMOHAR GREENS - GOLF & COUNTRY CLUB LTD.

**Gulmohar's Delight**

**Luxury Suites | Restaurants & Cafes | Swimming Pool | Gymnasium | Squash | Badminton | Billiards Table Tennis | Snooker | Tennis | Miniplex | Gymboreee - Kid's Park | Banquet Halls & Wedding Lawns | Conference Room | Golf Course & Golf Academy | Adventure Golf | Pro-Shop**

For Membership Contact

**079 48983100/01/02/03/04**

(Office Timing: 09:00 am to 05:30 pm - All Days except Sundays & Public Holidays)

Club - Next to "Gokul - Vrindavan", Off. Sarkhej - Sanand Highway, Village - Kolat, Taluka - Sanand, Ahmedabad

www.gulmohargreens.com | info@gulmohargreens.com | Follow us on

## Webinar on Digital Marketing -E-Commerce - Dt. 17-02-2021





ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન વિંગ કમિટીએ તારીખ ૧૭-૨-૨૦૨૧ના રોજ એક્સેલરેટ બિઝનેસ ગ્રોથ વિથ ડિજિટલ માર્કેટિંગ સિરીઝ-૨ અંતર્ગત ઈ-કોમર્સ માર્કેટિંગના વિષય પર વેબિનારનું આયોજન કર્યુ હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે જાણીતા ડિજિટલ માર્કેટિંગ કન્સલ્ટન્ટ અને અમદાવાદ સ્કૂલ ઓફ ડિજિટલ માર્કેટિંગના સીઈઓ અને ફાઉન્ડર શ્રી લવ ત્યાગી હાજર રહ્યા હતા.

શ્રી લવ ત્યાગીએ બિઝનેસના યોગ્ય માર્કેટિંગ માટે પ્રોડક્ટ્સ અને એના વયજૂથ અને તેમના રસ મુજબ અલગ અલગ પ્રકારના સોશિઅલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. તેમણે પુશ એન્ડ પુલ માર્કેટિંગ વિશે, સોશિયલ મીડિયાની સ્ટ્રેટેજી, પર્સનલ બ્રાન્ડિગ વગેરે ઉપર માહિતી આપી હતી. સોશિયલ મીડિયા કેલેન્ડર અને ઈ ટેગ દ્વારા ખૂબ સારું માર્કેટિંગ થઈ શકે છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે ઓર્ગેનિક માર્કેટિંગ, યોગ્ય કન્ટેન્ટ, માર્કેટિંગની જરૂર પ્રમાણેનું કેમ્પેઇન ઓબ્જેક્ટિવ સિલેક્ટ કરવા માટે ની બહુ સારી માહિતી આપી હતી, જેનાથી બિઝનેસને ઘણો ફાયદો થાય છે.

વેબિનારમાં સભ્યોને ઈ-કોમર્સ માર્કેટિંગ અંગે ખૂબ સારી માહિતી મળી હતી.

## Meeting with Hon'ble Consul General and Officials of Indonesian Consulate, Mumbai - Dt. 22-02-2021





A meeting of GCCI Office Bearers and Chairman of Foreign Trade Committee and Textile Task Force was held today with Mr. Agus P. Saptono, Consul General, Consulate General of the Republic of Indonesia, Mumbai at Gujarat Chamber of Commerce and Industry. The Consul General was accompanied by Mr. Pangky B.P. Saputra, Consul (Economics), Consulate General of the Republic of Indonesia, Mumbai.

GCCI President Shri Natubhai Patel welcomed the Consul General and highlighted some of the areas of opportunity for developing further trade between India and Indonesia. He mentioned areas such as Chemicals, spinning materials and cotton fibre, food products and furniture as some of the areas where there are ample opportunities to increase the trade.

The request for a direct flight from Ahmedabad to Indonesia was also made during the course of the

meeting. The Consul General responded by mentioning that he hoped the direct flight to restart sometime after COVID.

The Consul General highlighted the strong trade ties between India and Indonesia and mentioned that since India imports more than its exports to Indonesia, there is still much scope to balance the trade by promoting exports. He said that with a population of more than 270 mln, Indonesia is the 2nd biggest democracy after India. For Indonesia, Indians are like a family, as they share a common cultural background.

He further said that sectors such as sugar and agricultural products, spices, pharmacies, hospitals and medical tourism are some of the areas of focus for expanding trade between Indonesia and India. In response to the question about duty preferences to Indian exporters, he mentioned that both Governments are planning for a bilateral co-operation agreement to cover the focus sectors. He encouraged the state of Gujarat to also consider Indonesia for investment as many Indian companies have set base in Indonesia.

He said that he will identify the matching province in Indonesia with which Gujarat Chamber of Commerce and Industry can sign an MoU and organize focused sector-wise webinars.

The Consul General especially remarked that the trade between India and Indonesia is expanding in spite of COVID, which is testimony of the strong cultural and trade ties between the nations. He finally invited a delegation from GCCI to visit Indonesia during the forthcoming Trade Expo.

## Webinar on Fire Safety Issues and Incentives as MSME to Hospitals and Nursing Homes - Dt. 23-02-2021





The Pharma and Healthcare Task Force of Gujarat Chamber of Commerce & Industry organized an Interactive webinar on Fire and Safety Issues and Incentives for Healthcare sector at GCCI.

The programe was moderated by Dr. Sujal Munshi, Vice Chairman, Pharma and Healthcare Task Force, GCCI. There were three speakers as follows.

Dr. Bharat Gadhavi, President, Ahmedabad Hospitals & Nursing Homes Association, on Fire and Safety Issues for hospitals and nursing homes.

Shri Nimit Sheth, Regional Director, Fire & Security Association of India, on Recent amendments in Fire Safety norms for hospitals and nursing homes-Issues and solutions.

Shri R.D. Barhat, Joint Commissioner of Industries, Govt. of Gujarat, on incentives to Healthcare sector as MSME.

The speakers explained about the issues related to fire and safety for Healthcare sector. They also explained about the present provisions for fire and safety to Healthcare sector. They stated about the possible remedies to follow the provisions. The stated that, by ensuring Fire Safety in hospitals, we can prevent Fire Accidents. Mr. Barhat explained about the incentives available to healthcare sector as MSME service sector. He also explained about the procedure to be followed to avail the benefits for the same.

## Mammography Camp - Dt. 23-02-2021





**પહેલું સુખ તે જાતે નર્યા**

આ શીર્ષક હેઠળ GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટી દ્વારા નિઃશુલ્ક મેમોગ્રાફી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું . આ શિબિરનું આયોજન નવપ્રકાશ ચેરિટી ટ્રસ્ટના સહયોગથી અને હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન ની મોબાઈલ યુનિટ વેનના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ શિબિરનું આયોજન ત્રણ વાર અલગ સ્થાને તેમજ અલગ તારીખે યોજવામાં આવ્યું હતું.

જેમાં પહેલી શિબિર, તારીખ ૧૬-૦૨-૨૦૨૧એ આંબાવાડી, બીજી શિબિર, તારીખ ૧૯-૦૨-૨૦૨૧ એ નવા વાડજ ગામમાં અને ત્રીજી શિબિર, તારીખ ૨૩-૦૨-૨૦૨૧ એ બાપુનગર ખાતે કરવામાં આવી હતી. આ શિબિરનો લાભ ઘણી બહેનોએ લીધો હતો જેઓ આવા મોંઘાં પરીક્ષણ કરાવવા માટે સક્ષમ નથી. શિબિરમાં બહેનો ને આવાં પરીક્ષણ કેમ અને ક્યારે કરવા જોઈએ તથા એમાં શું ધ્યાન રાખવું જોઈએ વગેરે અંગે ની માહિતી આપવામાં આવી હતી.

## Interactive Session with Dr. Rahul Gupta, Industries Commissioner, GoG on Chemical Sector - Dt. 24-02-2021





GCCI arranged a meeting with Industries Commissioner, Dr. Rahul Gupta, IAS 24th February, 2021 to discuss the issues related to chemical sector. Office Bearers of GCCI, Shri Shailesh Patwari -Past President, GCCI, Shri Rameshbhai Patel-President, Gujarat Dyestuff Manufacturing Association, Shri Ajay Patel-Secretary, Naroda Industrial Estate, Shri Ajit Shah-Chairman, GIDC Committee, GCCI, Shri Yogesh Parikh-Chairman, Environment Task Force, GCCI, Shri Shrenik Merchant-Chairman, Chemical Taskforce, GCCI, Shri Hiten Jasani-Co-chairman, Chemical Task Force, GCCI, Shri Dimpal Patel-Secretary, Vatva Industrial Association were remained present for the meeting.

## Inauguration of Narendra Modi Cricket Stadium - Dt. 25-02-2021



તા. ૨૫-૦૨-૨૦૨૧ના રોજ ભારતના માનનીય શ્રી રાષ્ટ્રપતિના વરદહસ્તે નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમનો ઉદ્ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચેમ્બરના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## Intellectual Meet with Smt. Nirmala Sitharaman, Finance Minister, GoI. - Dt. 25-02-2021






તા. ૨૫-૦૨-૨૦૨૧ના રોજ J. B. Auditorium ખાતે ભારતનાં માનનીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન સાથે Intellectual Meet કાર્યક્રમ પ્રસંગે ચેમ્બરના હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## Youth Wing-Ice Breaker Series-3 - Dt. 25-02-2021





The 3rd session was ice breaker series was arranged with a small group of 20 Youth Wing members to encourage member integration. These ice breaker series are arranged as compulsory induction process for youth wing members. The introduction was through a buddy system. We also had a group discussion on the case study of MSME company producing wagon components majorly for Indian Railway Industry. Following the government's announcement to increase the number of freight trains in India; how the company can en cash the opportunity and be prepared for high surge in production demand and also mitigate challenges.

# Webinar on Maximize Efficiency Security and ROI using Microsoft 365 - Dt. 25-02-2021




On 25th February, 2021, GCCI IT & ITESs Committee organized webinar on Maximize Efficiency, Security and ROI using Microsoft 365. Shri Hemant Shah, Sr. Vice President, GCCI, Shri Jaimin Shah, Chairman, IT & ITESs Committee and other members along with many participants were present in the session.

Dr. Nitin Paranjape very famous & experienced Transformation Expert had delivered this session and provided knowledge about various use of Microsoft 365. He emphasized topics like better understanding of Microsoft tool to use when & why, the best practice method, to learn how to improve efficiency across the organization and also to save 20 minutes every day for every user.

He has 30 years of experience in the field of IT and Technology Adoption. Dr. Nitin also have coached over 330,000+ people across 3000+ organizations in 18 countries. He is also notable as Microsoft Most Valuable Professional since 17 years. He has shared his thoughts and knowledge about Microsoft in over 1000+ blog articles.

1. Security + Efficiency
2. Remote Secure Work
3. Storing and sharing files securely
4. Managing tasks, delegation and time
5. Online meeting best practices
6. Managing projects and teamwork
7. Data management and analytics
8. Protecting data and documents
9. Which tool to use when and why
10. Security Best Practices
11. Efficiency transformation case studies
12. How to enhance efficiency and security across the organization
13. How to quantify and maximize ROI of Microsoft 365 investments

Shri Sanjay Moralwar, member IT & ITESs Committee concluded the event with vote of thanks.











LAXMI®
Jewellery Export Pvt. Ltd.

# AWARDS

JAIPUR JEWELLERY SHOW

BEST JADAU JEWELLERY MANUFACTURER

GEM & JEWELLERY TRACE COUNCIL OF INDIA

ANANT DIAMOND JEWELLERY REGIONAL PRIZE

BEST GOLD JEWELLERY OF THE NATIONAL JEWELLERY AWARDS

BEST GROWING COMPANY OF THE YEAR PRECIOUS METAL JEWELLERY - PLAIN & STUDDED

PRECIOUS METAL JEWELLERY - PLAIN & STUDDED (SME) RUNNER UP

EXCELLENCE IN PRECIOUS METAL JEWELLERY STUDDED (SMALL)

IJ AWARDS BEST GOLD JEWELLERY OVER RS.2,50,000

JEWELLERY MANUFACTURER OF THE YEAR

*Gold - Diamond - Polki*

Laxmi Jewellery House, Nr. Samatheshwar Mahadev Mandir,
Swagat Cross Road, Ellisbridge Ahmedabad - 380006



Crafting
Masterpieces
The beauty of our heritage exclusively crafted in gold
079-26447540,26445515
contact@laxmijewellery.com

## : શોક પ્રસ્તાવ :



## સ્વ. શ્રી શંકરભાઈ પટેલ

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પૂર્વ પ્રમુખ અને વિવિધ સંસ્થાઓ સાથે લાંબા સમયથી સક્રિય રીતે સંકળાયેલા શ્રી શંકરભાઈ પટેલના તા. ૧૦-૦૨-૨૦૨૧ના રોજ થયેલ દુઃખદ અવસાનથી ગુજરાત ચેમ્બર ઘેરા દુઃખ અને ઊંડા આઘાતની લાગણી વ્યકત કરે છે.

વેપાર-ઉદ્યોગના ભીષ્મપિતા તરીકે જાણીતા શ્રી શંકરભાઈ ગુજરાત ચેમ્બરના વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રમુખ તરીકે વેપાર-ઉદ્યોગ માટે પ્રશંસનીય સેવાઓ બજાવી હતી. ચેમ્બરના પ્રમુખ તરીકે Sharing, Involving, Developing તેમનો ધ્યેય હતો અને તેમણે ગુજરાતના તમામ જિલ્લા તથા તાલુકાને ચેમ્બરના કાર્યક્ષેત્રમાં સક્રિય બનાવ્યા હતા. સમગ્ર વર્ષ દરમિયાન ગુજરાતની ચેમ્બરોની અને એસોસિયેશનો સાથેનો સંપર્ક વધુ મજબૂત કર્યા હતા.

આ ઉપરાંત કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) માત્ર કાયદાકીય જરૂરિયાત નથી પણ દરેક કોર્પોરેટની નૈતિક ફરજ છે તેને અવિભાજિત અંગ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો, જેની ગુજરાત ચેમ્બર કૃતજ્ઞતાપૂર્વક નોંધ લે છે.

શ્રી શંકરભાઈની નમ્રતા અને સાદગી જ તેમનાં આભૂષણ રહ્યાં હતાં. તેમની આગવી કાર્યશૈલી, ઉમદા સ્વભાવ અને અનોખી પ્રતિભાના કારણે જ તેઓ સમાજ તેમજ અનેક સંસ્થાઓમાં લોકપ્રિય રહ્યા હતા.

શ્રી શંકરભાઈ કેમિકલ અને ડાઈઝના વ્યવસાય સાથે સંકળાયેલા હતા તેઓ તેમના વ્યવસાય ઉપરાંત વિવિધ સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતા. તેમણે વટવા ઇન્ડસ્ટ્રિઅલ એસોસિયેશનના પ્રમુખ તરીકે, ધ ગુજરાત ડાઈસ્ટફ મેન્યુફેક્ચર્સ એસોસિયેશનના પ્રમુખ તરીકે, ધ ગ્રીન એન્વાયરન્મેન્ટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડના ચેરમેન તરીકે, વડોદરા એન્વીરો ચેનલ લિ.ના ડાયરેક્ટર તરીકે સક્રિય કામગીરી બજાવી હતી.

તેઓ વેપાર-ઉદ્યોગના વિકાસ અને ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ હતા. તેમની અસાધારણ કાર્યદક્ષતા અને ખંતભરી મહેનતને પરિણામે ઉત્પાદક-વેપારીઓ અને સરકાર વચ્ચે સેતુ સમાન તેમનું કાર્ય રહ્યું હતું.

શ્રી શંકરભાઇ શ્રીમદ્ ભગવદ્ગીતામાં નિર્દેશિત સાચા અર્થમાં “કર્મયોગી” હતા.

વેપાર-ઉદ્યોગમાં તેમણે આપેલ સિંહફાળાની ગુજરાત ચેમ્બર ગૌરવપૂર્વક નોંધ લે છે.

શ્રી શંકરભાઈનું સમાજ સેવાનું યોગદાન વિશિષ્ટ, ઉદાહરણીય અને પ્રેરણારૂપ હતું. તેઓ અમદાવાદ સિટીઝન સિક્યોરિટી ટ્રસ્ટ, વડોદરા રૂરલ ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ, વટવા ઇન્ડસ્ટ્રિયલ એસોસિયેશન ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે અનેક સામાજિક પ્રવૃત્તિઓ કરી હતી. તેમને સમાજમાં અને સંસ્થામાં માનભર્યો મોભો અને સ્થાન પ્રાપ્ત થયો હતો, જે ચિરસ્મરણીય રહેશે.

વેપાર-ઉદ્યોગ સાથે વર્ષોથી સંકળાયેલા સિદ્ધાંત, નિષ્ઠા, સેવા અને આચારસંહિતાને સમગ્ર જીવન દરમિયાન કંડારનાર એવા વેપાર-ઉદ્યોગના હિતચિંતક અને દીર્ઘદ્રષ્ટાના અવસાનથી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. વેપાર-ઉદ્યોગના હિતના રક્ષણ તથા વિકાસ માટે સદાય ઉત્સુક અને જાગૃત એવી સન્માનીય વ્યક્તિ ગુમાવ્યાનો અમને રંજ અને દુઃખ છે.

શંકરભાઈના અવસાનથી તેમના કુટુંબ ઉપર આવી પડેલ આપત્તિ અને દુઃખમાં અમે સમભાવની ઊંડી લાગણી વ્યક્ત કરીએ છીએ અને તેમના કુટુંબ પ્રત્યે અમારી દિલસોજી પાઠવીએ છીએ.

પરમ કૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

# શ્રમ કાયદાઓમાં આવી રહેલ ધરખમ ફેરફાર

**GCCIની Labour and Industrial Safety કમિટીના સભ્યો અને આ વિષયના નિષ્ણાતો દ્વારા આ આર્ટિકલ્સ તૈયાર કરવામાં આવ્યો છે.**



હાલના મજૂર કાયદાઓનો અભ્યાસ કરવામાં આવે તો આવા કાયદાઓની સંખ્યા પ્રમાણમાં ખૂબ જ વધી ગઈ છે. વળી, એકબીજા કાયદાઓમાં એક જ બાબતની અલગ અલગ વ્યાખ્યા આપવામાં આવી છે. તેથી કાયદાઓનું પાલન કરનારાઓ માટે પણ સમજવું મુશ્કેલભર્યું થઈ જાય છે. ઈન્સ્પેક્શન રાજ આ કારણે ખૂબ જ વધી ગયું છે તેમજ ડુપ્લિકેશન ઓફ રેકોર્ડ પણ ખૂબ જ વધી ગયેલ છે. આવી અને આવી અનેક બાબતો ધ્યાનમાં રાખીને મધ્યસ્થ સરકારે ચાર અલગ અલગ કોડ બનાવ્યા છે અને આવા કોડ હેઠળ નિયમો ઘડવાની પ્રક્રિયા ખૂબ જ ઝડપથી આગળ વધી રહેલ છે. આ ચાર કોડ, જે નીચેના નામે ઓળખાય છે તેનો હવે અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી થઈ ગયેલ છે.

૧) **કોડ ઓન વેજીસ-૨૦૧૯**
૨) **ધી ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ કોડ-૨૦૨૦**
૩) **કોડ ઓન સોશિયલ સિક્યુરિટી-૨૦૨૦**
૪) **ઓક્યુપેશનલ સેફટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન્સ કોડ-૨૦૨૦**

આ તમામ કોડ ઘડવા પાછળનો સરકારશ્રીનો હેતુ ખૂબ જ મહત્ત્વનો છે. તમામ કોડમાં ઘણી ખરી વ્યાખ્યાઓ એકસમાન કરી દેવામાં આવેલ છે, જેથી તેનું અર્થઘટન અને અમલીકરણ સરળતાથી વધશે અને ખોટા વિવાદો અટકશે.

વળી, કામદારોના કલ્યાણ તેમજ સલામતી માટે અને કામદારોને લઘુતમ વેતન મળી રહે તથા અલગ અલગ સોશિયલ સિક્યુરિટીનો લાભ મળે તે માટે સરકારશ્રીએ આ કોડની જોગવાઈઓનું પાલન ખૂબ કડકપણે થાય તેવો પ્રયત્ન કરેલ છે. કાયદાઓનું સારી રીતે અમલીકરણ થાય તે માટે આ ચારેય કોડમાં તેના ભંગ બદલ કડક શિક્ષાની જોગવાઈ કરવામાં આવેલ છે. ઓવરટાઈમ ઘટાડીને વધુ એમ્પ્લોયમેન્ટ ઊભું થાય, કાયદાનું સરળીકરણ થાય, સ્ત્રી કામદારોને વધુ મહત્ત્વ અને નોકરી મળે, ઈન્સ્પેક્ટર રાજનો અંત આવે, આધુનિકરણનો રેકોર્ડ કીપિંગમાં પણ વધુ ઉપયોગ થાય, જેથી પારદર્શકતા વધે વગેરે અનેક હેતુથી આ કોડની રચના કરવામાં આવેલ છે.

સાથે-સાથે અમલીકરણ કરનાર માલિકને કમ્પાઉન્ડિંગ ઓફ ઓફેન્સ (ગુનાની માંડવાળની પ્રક્રિયા)ની જોગવાઈ કરી માલિકોને કાયદાના અમલીકરણ માટે કોડ દ્વારા પ્રોત્સાહન અપાયેલ છે અને કોર્ટનું ભારણ ઘટાડવામાં આ કોડ મદદરૂપ થશે.

MANUFACTURER OF PIGMENT POWDERS ALL RANGE, PIGMENT EMUSLSION AND FINE PASTE PLEASE CONTACT FOLLOWING COMPANIES:

**APEX DYES & INTERMEDIATES**

**ANKUR DYESTUFF INDUSTRIES**

**SHREE RADHAKRISHNA INDUSTRIES**

**CLASSIC COLOURS PVT. LTD.**

**ANKIT PIGMENTS EXPORTS PVT. LTD.**

---



**ADDRESS:**
7-B, 2nd Floor, Ajanta Comm. Centre,
Ashram Road, Ahmedabad-380 014.
**Tel No: 079-27541070, 27540436**
**E-mail: info@apexpigmentsindia.com**



# કોડ ઓન વેજીસ, ૨૦૧૯



**Vikas Ashok Shukla**
Advocate &
Labour Laws Advisor
vikasashukla@yahoo.co.in




**કોડ ઓન વેજિસ, ૨૦૧૯ જે પગાર ચુકવણી અધિનિયમ, ૧૯૩૬, લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮, બોનસ ચુકવણી અધિનિયમ, ૧૯૬૫ અને સમાન વેતન ચુકવણી અધિનિયમ, ૧૯૭૬ને બદલશે. કોડ ઓન વેજિસ, ૨૦૧૯માં નવ પ્રકરણ છે.**

| કોડ ઓન વેજીસ, ૨૦૧૯ | | | |
|---|---|---|---|
| પ્રકરણ-૧ : કલમ-૧ થી ૪ | પ્રારંભિક માર્ગદર્શિકા-ઉપયોગિતા, વ્યાખ્યાઓ સમાન વેતન ચુકવણી અધિનિયમ, ૧૯૭૬ | | |
| પ્રકરણ-૨ : કલમ-૨ થી ૧૪ | લઘુતમ વેતન | પ્રકરણ-૬ કલમ-૪૩ થી ૫૦ | બાકી ચુકવણી, દાવા |
| પ્રકરણ-૩ : કલમ-૧૫ થી ૨૫ | વેતનની ચુકવણી | પ્રકરણ-૭ કલમ-૫૧ | નિરીક્ષક સાથે સગવડતા |
| પ્રકરણ-૪ : કલમ-૨૬ થી ૪૧ | બોનસની ચુકવણી | પ્રકરણ-૮ કલમ-૫૨ થી ૫૬ | ગુનો અને દંડ |
| પ્રકરણ-૫ : કલમ-૪૨ | સલાહકાર મંડળની રચના | પ્રકરણ-૯ કલમ-૫૭ થી ૬૯ | પરચુરણ |

આ કાયદાની કલામ-૨(ય) હેઠળ પગારની વ્યાખ્યા ઘણી જ મહત્ત્વની છે. આ નવી વ્યાખ્યામાં બેઝિક, મોંઘવારી ભથ્થા તથા નિર્વાહ ભથ્થાનો સમાવેશ કરેલ છે. આ ઉપરાંત વ્યાખ્યામાં (એ)થી (યુ)માં દર્શાવેલ ઘટકો બાકાત રાખેલ છે. જે ૫૦% કે સરકાર નોટિફાય કરે તેવા જે વધુ હશે તો તે ૫૦% કે સરકારે નોટિફાય કરેલ વધારા સુધીની રકમ પગાર ગણાશે. આ વ્યાખ્યાના કારણે કુલ પગારના ૫૦% સુધીની રકમ ઉપર માલિકોની ગ્રેચ્યુઈટી, બોનસ, હક રજા બાબતની જવાબદારી વધી શકે છે.

કામદારની વ્યાખ્યામાં કાર્યકારી પત્રકારો, સેલ્સ પ્રમોશન કર્મચારીનો પણ સમાવેશ કરાશે

કમલ-૩(૧) મુજબ સમાન કામ માટે સમાન પગાર-લિંગ (પુરુષ/સ્ત્રી/ટ્રાન્સજેન્ડર)ના આધારે સંસ્થામાં પગાર સંબંધે કોઈ ભેદભાવ નહિ રાખી શકાય.

કેન્દ્ર સરકાર કામદારના ન્યૂનતમ જીવનનિર્વાહને ધ્યાનમાં રાખીને ફ્લોર વેતન નક્કી કરશે. વિવિધ ભૌગોલિક વિસ્તારો માટે વિવિધ ફ્લોર વેતન નક્કી કરી શકાય છે. કોઈ પણ રાજ્ય ફ્લોર વેતનથી ઓછું લઘુતમ વેતન નક્કી કરી શકશે નહીં.

કામના કલાકો, સ્પ્રેડ ઓવર અને આરામના દિવસો (નિયમો-૬, ૭-ડ્રાફ્ટ નિયમો, ૨૦૨૦):

સામાન્ય કાર્યકારી દિવસમાં ૮ કલાકના કામનો સમાવેશ કરવામાં આવશે (ડ્રાફ્ટ નિયમ-૮) અને આરામના સમયની સાથે નો સ્પ્રેડ ઓવર કોઈ પણ કાર્યકારી દિવસે ૧૨ કલાકથી વધુ ન હોવો જોઈએ. (ડ્રાફ્ટ નિયમ-૬). આરામનો સમય એક કાર્યકારી દિવસમાં એક કલાક સુધી રાખી શકાશે.

આરામનો દિવસ સામાન્ય રીતે “રવિવાર” રહેશે, જોકે માલિક અઠવાડિયાના કોઈ પણ બીજા દિવસને બાકીના દિવસ તરીકે ઠીક



કરી શકે છે. (ડ્રાફ્ટ નિયમ-૭)

કોઈ પણ કર્મચારીને નોકરીમાંથી છૂટા કરવામાં આવે અથવા રિટ્રેન્ચ કરવામાં આવે અથવા કર્મચારી પોતે રાજીનામું આપે અને છૂટા થાય તેવા અથવા ધંધો બંધ થવાના સંજોગોમાં સંસ્થાના માલિકે કર્મચારીને બે દિવસની અંદર બાકી પગારની ચુકવણી કરવાની રહેશે.

**દંડ બાબતે નિયમો :** કર્મચારીને સાંભળ્યા સિવાય દંડ કરી શકાશે નહીં. એક માસના કુલ પગારના ત્રણ ટકાથી વધુ નહિ તેટલો દંડ વસૂલી શકાય. કર્મચારીને દંડની સજા કર્યાના નેવું દિવસ પછી દંડ વસૂલી શકાશે નહીં. દંડ હપ્તામાં વસૂલ કરી શકશે નહીં.

કલમ-૪૧માં જણાવ્યા મુજબની એવી સંસ્થાઓને આ કોડ હેઠળ નિયમોને આધીન બોનસ ચુકવણી કરવાની રહેશે. લઘુતમ બોનસ ૮.૩૩% અને મહત્તમ બોનસ ૨૦% રહેશે.

કલમ-૨૯ મુજબ કર્મચારી આ કોડ હેઠળ બોનસ પ્રાપ્ત કરવા માટે નીચેના સંજોગોમાં ગેરલાયક ગણાશે એટલે કે જો કર્મચારીને નીચેના સંજોગોમાં નોકરીમાંથી બરતરફ કરવામાં આવે તોઃ

૧) છેતરપિંડી

૨) તોફાની અથવા હિંસક વર્તન

૩) ચોરી, કોઈ પણ સંપત્તિની તોડફોડ

૪) જાતીય સતામણી માટે દોષી ઠરવું (આ કોડમાં નવી જોગવાઈ)

કલમ-૩૧: એલોકેબલ સરપ્લસ બેન્કિંગ કંપની માટે ૬૦% જ્યારે અન્ય સંસ્થાઓ માટે ૬૭%ના દરે રહેશે. આમ, એલોકેબલ સરપ્લસમાં નોન બેન્કિંગ કંપનીઓ માટે ૭%નો ધરખમ વધારો થયો છે.

આ કોડ હેઠળના કલેમ કર્મચારી પોતે અથવા ટ્રેડ યુનિયન અથવા ઈન્સ્પેક્ટર-કમ-ફેસિલિયેટર અથવા કર્મચારીઓનું જૂથ એક એપ્લિકેશન કરીને પણ ત્રણ વર્ષની સમયમર્યાદામાં (નિયમોને આધીન રહીને) ફાઈલ કરી શકે છે.

આ કોડ મુજબ સંસ્થાના માલિકે તેમના કર્મચારીઓને વેજીસ સ્લિપ (ફોર્મ-V)માં ઈલેક્ટ્રોનિક અથવા અન્ય રીતે પગાર ચુકવણી પહેલાં આપવાની રહેશે (અગાઉ ઈલેક્ટ્રોનિક માધ્યમ માન્ય ન હતું). માલિક તમામ પ્રકારના રેકોર્ડ ડિજિટલ માધ્યમમાં પણ રાખી શકશે.

કલમ-૩૯ મુજબ સંસ્થાએ હિસાબી વર્ષ પૂર્ણથયાના ૮ માસની અંદર કર્મચારીના બેંક ખાતામાં બોનસની ચુકવણી કરવાની રહેશે (બોનસની ચુકવણી કેશમાં નહિ કરી શકાય)

કલમ-૪૧માં જણાવ્યા મુજબની સંસ્થાઓએ કાયદા હેઠળ નિયમોને આધીન બોનસ ચુકવણી કરવાની રહેશે.

બાકી વેતન-બોનસ ના ચૂકવવું અથવા વેતન-બોનસની ઓછી ચુકવણીના કિસ્સામાં બાકી રકમના ૧૦ ગણા વળતર નક્કી કરેલ કલેમ ઉપરાંત ચૂકવવા ઓથોરિટી હુકમ કરી શકે. આવા કોઈ પણ કલેમ ત્રણ વર્ષના ગાળામાં કરવાના રહેશે. અગાઉ આ સમય ૧૨ માસનો હતો.



# ધી ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ કોડ-૨૦૨૦



**K. H. Patel**
Senior Advocate
khpandassociates999@gmail.com




આ કોડ ઔદ્યોગિક સંબંધો માટે ખૂબ જ મહત્ત્વનો છે. આ કોડના મહત્ત્વના મુદ્દા નીચે દર્શાવેલ છેઃ

- આ કોડ અમલમાં આવેથી ટ્રેડ યુનિયન એક્ટ-૧૯૨૬, ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ-૧૯૪૬ અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ નો અંત આવશે.

- સૌપ્રથમ વખત કામદાર અને કર્મચારી બંનેની અલગ અલગ વ્યાખ્યા આપી ઔદ્યોગિક વિવાદોનું પ્રમાણ ઘટાડવાનો પ્રયત્ન થયો છે.

- નવા કોડથી દ્વિપક્ષીય એટલે કે બાયપાર્ટટાઈટ ફોરમ અસ્તિત્વમાં આવશે. અગાઉ પણ ઔદ્યોગિક વિવાદ અધિનિયમમાં વર્ક્સ કમિટી અને ગ્રીવાન્સ રિડ્રેસલ કમિટીની જોગવાઈ હતી, પરંતુ તેનો ગુજરાતમાં અમલ થયેલ ન હતો. હવે ગ્રીવાન્સ રિડ્રેસલ કમિટીમાં વિવાદ કઈ રીતે ઊભો કરવો તેનું નિરાકરણ કેટલા દિવસમાં અને કઈ રીતે કરવું અને આવી કમિટીના નિર્ણય સામે શું કાર્યવાહી કરવી તે સ્પષ્ટ રીતે નક્કી કરવામાં આવેલ છે.

- ફિક્સ ટર્મ્સ એમ્પ્લોઈમેન્ટને કાયદાકીય સ્વરૂપ અપાયું છે, પરંતુ આવા કામદારોને કાયમી કામદારોને મળતા તમામ લાભ (ગ્રેચ્યુઈટી સહિતના) ચૂકવવાના રહેશે, જોકે આવી જોગવાઈ ગુજરાતના સ્થાયી હુકમમાં સુધારો કરી ઉમેરવામાં આવેલ હતી.

- હાલની અલગ અલગ ઓથોરિટી જેવી કે બોર્ડ ઓફ કન્સિલિયેશન, કોર્ટ ઓફ ઈન્કવાયરી તથા મજૂર અદાલતનો અંત આવશે તથા હવે મજૂર અદાલતના બદલે આવા કેસો ઈન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યૂનલમાં આવશે. ઈન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યૂનલ બે સભ્યની રહેશે. અમુક ચોક્કસ વિવાદો સિંગલ સભ્યની ટ્રિબ્યૂનલને પણ ન્યાય નિર્ણય અર્થે સોંપી શકાશે.

- યુનિયનને માન્યતા આપવાની કોઈ કાર્યવાહી કે જોગવાઈ હાલના ઔદ્યોગિક વિવાદ ધારામાં નથી. હવે યુનિયનોનું મહત્ત્વ વધી જશે. નેગોશિયેટિંગ યુનિયન અને નેગોશિયેટિંગ કાઉન્સિલ





IAO International Accreditation Organization | USBES

# THE NEW TULIP INTERNATIONAL SCHOOL

THE NEW TULIP INTERNATIONAL SCHOOL

CAMBRIDGE | ICSE | CBSE | NIOS




Admissions Open for 2021-22
Nursery to 12th
(Science, Commerce and Humanities)

# A School with Difference

(CBSE, ICSE, CAMBRIDGE, NIOS)

## ENSURE CHILD'S GROWTH WITH HOLISTIC DEVELOPMENT

Like a prism, discover the multiple colours in light, Tulip's excellent pedagogy and outstanding faculty support transforms students into a better person to face tomorrows' world.

- **Schools : Facilities and accredition**
  Internationally Accredited School Certified by (IAO- International Accreditation Organization **U.S.A.**, & **USBES** – United States Board for Education Standardization)
- **Transport facility available with GPS tracking**
- Fully air-conditioned school
- Education Today Ranking 4th in Top 20 CBSE School, 1st in Gujarat and Ahmedabad.
- Education World Ranking 4th in Gujarat and 4th in Ahmedabad.

**AFFILIATION**

| UNIVERSITY of CAMBRIDGE International Examinations – Cambridge International School | CISCE | CBSE | NIOS |
|---|---|---|---|
| In485 | Gu022 | 430108 | 040070 |

**The New Tulip International School,**
Sterling City, Bopal, Ahmedabad-380058.
info@thenewtulipinternationalschool.com
www.thenewtulipinternationalschool.com
thenewtulipinternationalschool

70690 21005
99099 79032
99099 79044
99099 79076
99099 79077

For further information please visit our website or scan the QR code

અસ્તિત્વમાં આવશે. જ્યાં યુનિયન હોય ત્યાં ફરજિયાત યુનિયન સાથે વાટાઘાટ કરવાની રહેશે. આમ થયેથી વ્યક્તિગત વિવાદોની સંખ્યા ઘટી શકશે.

- કામદારોએ હડતાળ પર જતાં પહેલાં અને માલિકોએ લોકઆઉટ જાહેર કરતાં પહેલાં ફરજિયાત સામા પક્ષને નોટિસ આપવાની રહેશે. નોટિસ મળેથી શરૂ થતી સમાધાનની કાર્યવાહી તે પૂરી થયેથી થતી ઈન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યૂનલની કાર્યવાહી વગેરે ચાલવાથી હડતાળ કે લોકઆઉટનો સંપૂર્ણ અંત આવે તેવી જોગવાઈ આ કોડથી અસ્તિત્વમાં આવશે.

- પગારની વ્યાખ્યા ખૂબ જ વિશાળ બનાવી દેવામાં આવેલ છે.

- ૩૦૦થી વધારે કામદારો હોય તેવી ઔદ્યોગિક સંસ્થા માટે ફરજિયાત સ્થાયી હુકમો નક્કી કરવાના રહેશે, જોકે રાજ્ય સરકાર ૩૦૦થી ઓછા કામદારો કામ કરતા હોય તેવી ઔદ્યોગિક સંસ્થાને પણ સ્થાયી હુકમોની જોગવાઈઓ લાગુ પાડી શકશે અને તે થવાની શક્યતા પૂરેપૂરી છે.

- જ્યારે કોઈ કામદારને સસ્પેન્શન પેન્ડિંગ ઈન્કવાયરી હેઠળ મૂકવામાં આવે ત્યારે ઈન્વેસ્ટિગેશન અને ઈન્કવાયરી ૯૦ દિવસમાં શક્ય હોય ત્યાં સુધી પૂરી કરવાની રહેશે. આવી જોગવાઈ આ અગાઉ નહોતી.

- હાલમાં ૧૦૦ કે તેથી વધુ કામદારો કામ કરતા હોય તેવી ઔદ્યોગિક સંસ્થાઓ માટે તેમના કામદારોને લે-ઓફ રિટ્રેન્ચ અગાઉ સ્પેસિફાઈડ ઓથોરિટીની ફરજિયાત પરવાનગી લેવાની જોગવાઈ હતી તેના બદલે ૩૦૦ કે તેથી વધુ કામદારો કામે રાખતી હોય તેવી ઔદ્યોગિક સંસ્થાઓ માટે જ આ માટે ફરજિયાત પરવાનગી લેવાની રહેશે.

- આ કોડમાં વર્કર રિસ્કિલિંગ ફંડ ઊભું કરવાની જોગવાઈ સૌપ્રથમ વખત દાખલ કરવામાં આવી છે તે મુજબ રિટ્રેન્ચ થતા પ્રત્યેક કામદારના ૧૫ દિવસના પગાર જેટલી રકમ આવા ફંડમાં માલિક સંસ્થાઓ દ્વારા જમા કરવાની રહેશે અને આ ફંડમાંથી રિટ્રેન્ચ થતા કામદારને ૪૫ દિવસમાં ૧૫ દિવસના પગાર જેટલી રકમ ચૂકવી આપવાની નવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

આમ, ઔદ્યોગિક વિવાદને લગતા, સ્થાયી હુકમોને લગતા તથા ટ્રેડ યુનિયનને લગતા કાયદાઓના બદલે આવા ટૂંક સમયમાં અમલમાં આવનાર ધી ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ કોડમાં સરકારશ્રી દ્વારા ખૂબ જ ફેરફાર સાથે આ કોડ અમલમાં આવશે.



# કોડ ઓન સોશિયલ સિક્યુરિટી-૨૦૨૦



**V. K. Shah**
Retired-Deputy Commissioner of Labour, Advocate Advisor & Trainer for Labour Laws
dcl.vkshah@gmail.com

# Code on Social Security-2020

**સામાજિક સુરક્ષા સંહિતા – કોડ ૨૦૨૦ (આ કોડના અમલીકરણની તારીખનું જાહેરનામું હજુ થયુંનથી).**

તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦ ભારતના રાષ્ટ્રપતિની સંમતિ. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૦ ગેજેટ નંબર સીજી-ઇ-ડીએલ ૨૯૦૯૨૦૨૦-૨૨૨૧૧૧માં પ્રકાશિત.

સામાજિક સુરક્ષા કોડ ડ્રાફ્ટ (સેન્ટ્રલ) રૂલ્સ, ૨૦૨૦ ગેજેટમાં ૧૩ નવેમ્બર, ૨૦૨૦ના પ્રકાશિત, ગુજરાત રાજ્યના ડ્રાફ્ટ નિયમો હજુ પ્રકાશિત થયા નથી.

કોડનો હેતુ - સંગઠિત અથવા અસંગઠિત અથવા કોઈ પણ અન્ય

| Sr No | Current Actwhich may repeal. | Object | Chapter in SS Code | Sections |
|---|---|---|---|---|
| 1 | The Employees Provident Fund Act, 1952 | Contributions by employer and employee towards post-retirement savings. | III EPF | 14 To 23 |
| 2 | The Employees State Insurance Act, 1948 | Contributions from employers and employees towards insurance which covers medical, disability and maternity | IV ESI | 24 to 52 |
| 3 | The Payment of Gratuity Act, 1972 | Payment for long-service by an employee on non-stigmatic separation from employment.<br>A Retirement planning | V GRATUITY | 53 to 58 |
| 4 | The Maternity Benefit Act,1961 | Paid leave to employed women in the event of childbirth and job security | VI MATERNITY BENEFITS | 59 to72 |
| 5 | Employees Compensation Act, 1923 | Compensation of injuries causing disablement/death arising in the course of employment | VI EMPLOYEE'S COMPENSATION | 73 to 99 |
| 6 | The Building and other Construction Workers Cess Act | Providing benefits to construction workers and their dependents. | VII SOCIAL SECURITY AND CESS IN RESPECT OF BUILDING AND OTHER CONSTRUCTION WORKERS | 100 to 108 |
| 7 | The Unorganized Workers' Social Security Act, 2008 | Welfare measure for the unorganized sector including self-employed, work from home and daily wage workers | VIII SOCIAL SECURITY FOR UNORGANISED WORKERS GIG WORKERS AND PLATFORM WORKERS | 109 to 114 |
| 8 | The Employees Exchange (CNV) Act, 1959 | Requires notification of job vacancies. | XIII EMPLOYMENT INFORMATION AND MONITORING | 139-140 |
| 9 | The Cine Workers Welfare Fund Act, 1981 | Welfare of cine workers | Included in general applicability. | |

ક્ષેત્રોમાં અથવા તે સાથે જોડાયેલી બાબતો માટે સામાજિક સુરક્ષાને લગતા હાલના કાયદામાં સુધારા અને એકીકૃત કરવા. વર્તમાન ૯ **અધિનિયમો કેટલીક સામાન્ય જોગવાઈઓ સાથે પ્રકરણો તરીકે એક કોડમાં એકીકૃતકરેલ છે.**

પ્રકરણ-XIII ગુના અને દંડ. પ્રકરણ-XIV સંકીર્ણ (મિસલેનિયસ) કલમ-૧૪૧ થી ૧૬૪

કલમ ૧૬૧ કોડની વિપરીત કાયદાઓ અન્વયે સુપ્રીમસી અને કલમ (Schedules)

**અનુસૂચિઓ**

I. APPLICABILITY (of Chapters) sections 1(4), (8) and 152 (1)

II. LIST OF PERSONS WHO ARE EMPLOYEES WITHIN THE MEANING OF THE THIRD PROVISON TO CLAUSE (26) OF SECTION-2 See Sections-2(26), 74(3), (5), 132 and 152(2)

III. LIST OF OCCUPATIONAL DISEASES Sec Sections-2 (51), 36(1), 74 (1), (3), (5), 131(5), 132 and 152(2)

IV. LIST OF INJURIES See Sections-2(55), (56), 76(1) and 152(1)]

V. MATTERS THAT MAY BE PROVIDED FOR IN THE SCHEMES (A-EPF, B-PENSION, C-EDLI Sections 15(2) and 152(1)]

VI. FACTORS FOR WORKING OUT LUMP SUM EQUIVALENT OF COMPENSATION AMOUNT IN CASE OF PERMANENT DISABLEMENT AND DEATH Sec. 75, 76(1) and 152(1)]

VII. CLASSIFICATION OF AGGREGATORS Sec. 114(4)

**પ્રકરણો કેવી રીતે લાગુ પડશે?**

**Applicability of Chapters of Code on Social Security 2020.**




**1. EPF:** to all establishments where 20 or more employees employed.

**2. ESI:** For Hazardous or life threatening occupations, Applicable at even one person employed

To every non-seasonal establishments where 10 or more persons are employed.

**3. Gratuity:** (a) every factory, mine, oilfield, plantation, port and railway company and

(b) every shop or establishment in which ten or more employees are employed or were employed on any day of the preceding twelve months.

**4. Maternity Benefit:** (a) to every establishment being a factory, mine or plantation including any such establishment belonging to Government and

(b) to every shop or establishment in which ten or more employees are employed, or were employed, on any day of the preceding twelve months;

**5. Employee's Compensation:** Subject to the provisions of the Second Schedule, it applies to the employers and employees to whom Chapter-IV (ESI) does not apply.

**6. Social Security and Cess in respect of Building and Other Construction Workers:**

Every establishment which falls under the building and other construction work.

**7. Social Security for Unorganised workers':** Unorganised sector, unorganised workers', gig worker, platform worker.

**8. Employment Information and Monitoring :** Career centres, vacancies, persons seeking services of career centres and employers.

વેતન મર્યાદા અને કવરેજ માટે ઈપીએફ અને ઈએસઆઈ કર્મચારી માટે, મર્યાદા (સીલિંગ) કરતાં ઓછું વેતન. વેતનનો અર્થ કલમ-૨ (૨૬) મુજબ, પરંતુ કવરેજ માટે વેતન મર્યાદાથી ઉપરના તમામ કર્મચારીઓનો સમાવેશ થાય.

કર્મચારીઓના વળતર માટે કર્મચારીઓનો અર્થ કોડના શેડ્યૂલ-II મુજબ છે.

**વ્યાખ્યાઓઃ** કલમ-૨ (૨) 'એગ્રિગેટર' - ડિજિટલ મધ્યસ્થી અથવા વેચનાર અથવા સેવા પ્રદાતાને સાથે જોડાવા માટે કોઈ સેવા

ખરીદનાર અથવા સેવા માટેના બજારની જગ્યા; જેમ કે ઉબેર, ઓલા, જુઓ પરિશિષ્ટ-૭.

**''મકાન અથવા અન્ય બાંધકામ''**માં જે કોઈ પણ ફેક્ટરી અથવા ખાણ સાથે સંબંધિત હોય અથવા કોઈ પણ બિલ્ડિંગ અથવા અન્ય બાંધકામ કામ, જે પહેલાં બાર મહિનામાં દસથી ઓછા કામદારોને રોજગારી આપે છે અથવા જ્યાં આવાં કામ કોઈ વ્યક્તિગત અથવા વ્યક્તિઓના જૂથના તેમના પોતાના નિવાસ માટેના રહેણાક હેતુઓથી સંબંધિત છે અને આવા કામની કુલ કિંમત પચાસ લાખ રૂપિયાથી વધુ નથી તેવા કોઈ પણ બિલ્ડિંગ અથવા અન્ય બાંધકામનાં કામોનો સમાવેશ થતો નથી.

કલમ-૨ (૧૯) ઠેકા (કોન્ટ્રાક્ટ) મજૂરમાં આંતરરાજ્ય સ્થળાંતર કામદાર સામેલ છે. કલમ-૨ (૨૦) ઠેકેદારમાં પેટા કોન્ટ્રાક્ટરનો સમાવેશ થાય છે. કલમ-૨ (૨૪) 'આશ્રિત'નો અર્થ કલમ-૨ (૨૪) હેઠળ સૂચિબદ્ધ મૃત કર્મચારીના કોઈ પણ સંબંધીમાં ૨૫ વર્ષથી ઓછી ઉંમરના કાયદેસર દત્તક પુત્રનો સમાવેશ થાય છે. કલમ-૨ (૨૭) માલિકમાં (ડી) ઠેકેદાર અને (ઇ) મૃત માલિકના કાનૂની પ્રતિનિધિનો પણ સમાવેશ થાય છે. કલમ-૨ (૩૩) 'કુટુંબ'માં (સી) જે કર્મચારી અથવા અસંગઠિત કામદાર અથવા તેની કમાણી પર સંપૂર્ણ નિર્ભર છે તેવા બાળક સમાવિષ્ટ. જે (i) શિક્ષણ મેળવે છે ત્યાં સુધી અથવા તે એકવીસ વર્ષની વય પ્રાપ્ત કરે; અને (ii) અપરિણીત પુત્રી (ડી) કોઈ પણ શારીરિક અથવા માનસિક અસામાન્યતા અથવા ઈજાના લીધે અશક્ત બાળક કે જે કર્મચારી અથવા અસંગઠિત કાર્યકરની કમાણી પર સંપૂર્ણ રીતે નિર્ભર હોય તેવું બાળક. (ઇ)આશ્રિત માતા-પિતા (સ્ત્રી કર્મચારીનાં સસરા અને સાસુ સહિત), જેની તમામ સ્રોતમાંથી આવક કેન્દ્ર સરકાર દ્વારા સૂચવવામાં આવેલી આવક કરતાં વધારે નથી; (વર્તમાન ઈપીએફ રૂ. ૫૦૦) (એફ) કર્મચારી અથવા અસંગઠિત કામદાર, જે અપરિણીત છે અને તેનાં માતા-પિતા જીવંત નથી તેનાં અવયસ્ક (માઇનર) ભાઈ અથવા બહેન જે વીમોદાર વ્યક્તિની કમાણી પર સંપૂર્ણ નિર્ભર છે આ બધાંનો સમાવેશ કુટુંબમાં કરાયેલ છે

કલમ-૨ (૩૪) 'નિયત મુદત રોજગાર' ફિક્સ્ડ ટર્મ એમ્પ્લોઈમેન્ટનો અર્થ એ છે કે નિયત અવધિ માટે લેખિત કરારની શરતોના આધારે કર્મચારીની નિમણૂક. કર્મચારીની રોજગારીની આવા ૫ વર્ષથી ઓછી સળંગ નોકરીમાં પણ પ્રમાણસર ગ્રેચ્યુઈટી મળે.

કલમ-૨(૩૫) 'ગિગ કાર્યકર'નો અર્થ એ છે કે જે વ્યક્તિ કામ કરે છે અથવા કોઈ કામની ગોઠવણીમાં ભાગ લે છે અને તેમાંથી પરંપરાગત માલિક કર્મચારી સંબંધની બહારની પ્રવૃત્તિઓથી કમાય તેવી વ્યક્તિ. આ ઓન કોલ ફ્રીલાન્સિંગ જોબ છે. Amazon, ekart, swiggy, zomato

કલમ-૨ (૩૬) 'ઘરેલુ કામદાર એટલે તેવા કામદારો જે પોતાના મકાનમાં અથવા પોતાની પસંદગીની અન્ય જગ્યાએ, માલિક માટે માલ અથવા સેવાઓનું ઉત્પાદન નોકરી દાતા માલિકના કાર્યસ્થળ સિવાય મહેનતાણા માટે કરે, ભલે માલિક સાધનો-સામગ્રી અથવા અન્ય સાધન-સામગ્રી આપે કે ના આપે; જેમ કે બીડી કામદાર, કલમ-૨(૪૧) આંતરરાજ્ય સ્થળાંતર કામદાર'નો અર્થ એ છે કે તે વ્યક્તિ એક રાજ્યમાં  આવેલી સંસ્થામાં ભરતી થાય અને બીજા રાજ્યમાં પરોક્ષ રીતે કોન્ટ્રાક્ટર દ્વારા નોકરી કરે અથવા (ii) જે પરપ્રાંતીય કામદાર એક રાજ્યથી સ્વયં આવ્યો છે અને બીજા રાજ્યની (ગંતવ્ય રાજ્ય) સંસ્થામાં રોજગાર મેળવ્યો છે આવા પછીથી કોઈ કરાર અથવા આવા રોજગાર અને વેતન માટેની અન્ય વ્યવસ્થા હેઠળ ગંતવ્ય રાજ્યની અંદરની અન્ય સંસ્થામાં રોજગાર મેળવે છે અને દર મહિને અઢાર હજાર રૂપિયાથી વધુ વેતન મેળવતો નથી તેવા કામદારો સમાવિષ્ટ છે.

કલમ-૨(૬૦) 'પ્લેટફોર્મ વર્ક' એટલે પરંપરાગત માલિક-કર્મચારીના સંબંધની બહાર કામની ગોઠવણ કે જેમાં સંસ્થાઓ અથવા વ્યક્તિઓ ઓનલાઇન પ્લેટફોર્મની એપ્પ અથવા વેબસાઇટના ઉપયોગથી ડિજિટલ માધ્યમથી વિશિષ્ટ પ્રકારની જરૂરિયાતો પૂરી કરવા કે સમસ્યાઓ હલ કરવા અથવા ચોક્કસ પ્રદાન કરવા માટે અથવા આવી અન્ય કોઈ પણ પ્રવૃત્તિઓ કે જે કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત કરવામાં આવી શકે તે માટે ચુકવણી અને વિનિમય થાય, જેમ કે પોલિસી બજાર, જેમાં બધા વીમાનું કામ સેવા આપનાર કે લેનારના ફેસ-ટુ-ફેસ સંપર્ક સિવાય થાય. 'એગ્રિગેટર'.

કલમ-૨(૬૧) 'પ્લેટફોર્મ વર્કર' એટલે પ્લેટફોર્મના કામમાં રોકાયેલ વ્યક્તિ.

કલમ-૨(૭૪) સૂચવેલ સીઝનલ સંસ્થાઓમાં જે ફેક્ટરી વર્ષમાં ૭ માસથી વધુ ઉત્પાદન પ્રક્રિયાનું કામ નથી કરતી તેનો સમાવેશ થાય.

કલમ-૨(૭૫) 'સ્વરોજગાર કામદાર એટલે એવી વ્યક્તિ કોઈ જેને

કોઈ માલિકે કામે રાખેલ નથી, પરંતુ અસંગઠિત ક્ષેત્રમાં કોઈ પણ વ્યવસાયમાંથી કમાણી કરે છે અને જેની આવક કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા સૂચિત થયેલ માસિક રકમથી વધુ નથી અથવા જે રાજ્ય સરકારે સૂચિત કરેલી મર્યાદાથી વધુ ખેતીલાયક જમીન ધરાવતો નથી.

કલમ-૨(૭૮) 'સામાજિક સુરક્ષા' કર્મચારીઓ, અસંગઠિત કામદારો, ગિગ વર્કર્સ અને પ્લેટફોર્મ કામદારોને આપવામાં આવતા સંરક્ષણના આરોગ્ય જાળવણી અને આવક વધારવાનાં ખાસ પગલાં, ખાસ કરીને વૃદ્ધાવસ્થા, બેકારી, બીમારી, કામ હેઠળની ઈજા, પ્રસૂતિ અથવા ઘરમાં કમાનારની ખોટ કે અમાન્યતાના કિસ્સાઓમાં સરકાર તરફથી આરોગ્ય સંભાળ સુનિશ્ચિત કરવા અને આવક સુરક્ષા પૂરી પાડવા ઘડવામાં આવેલ યોજનાઓ થકી પૂરું પાડવામાં આવતું સુરક્ષા કવચ.

કલમ-૨ (૮૫) 'અસંગઠિત ક્ષેત્ર'-વ્યક્તિઓ અથવા સ્વ-રોજગાર કામદારોની માલિકીની એન્ટરપ્રાઈઝ અથવા માલના ઉત્પાદન અથવા વેચાણમાં રોકાયેલા અથવા કોઈ પણ પ્રકારની સેવા પૂરી પાડવામાં રોકાયેલ અથવા જ્યાં એન્ટરપ્રાઈઝ (સંસ્થા) કામદારોને રોજગારી આપે છે ત્યાં આવા કામદારોની સંખ્યા દસથી ઓછી છે.

કલમ-૨(૮૬) 'અસંગઠિત કામદાર' એટલે ઘરઆંગણે કામ કરનાર, સ્વરોજગાર કામદાર અથવા અસંગઠિત ક્ષેત્રના વેતન કામદાર અને તેમાં સંગઠિત ક્ષેત્રના તેવા કામદારોનો સમાવેશ થાય છે, જેનો ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ અથવા આ કોડના પ્રકરણ-III થી VIIમાં સમાવેશ થતો નથી.

કલમ-૨(૮૮) 'વેતન' એટલે કે તમામ મહેનતાણું, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(એ) મૂળ પગાર અને (બી) મોંઘવારી ભથ્થું અને (સી) નિર્વાહ ભથ્થું, જો કોઈ હોય તો વેતનની વ્યાખ્યામાં કલમ-૨(૮૮)માં દર્શાવેલી અન્ય **બાબતોનો સમાવેશ થતો નથી, જેમ** કે (એ) કાયદા હેઠળનું બોનસ (બી) આવાસનું મૂલ્ય કોઈ પણ ઘરમાં પ્રકાશ, પાણીના પુરવઠાની, તબીબી સારવાર અથવા સરકારે ઠરાવેલ અન્ય સુવિધાનું મૂલ્ય, (સી) ઈપીએફ કે પેન્શનનો માલિકનો ફાળો, (ડી) વાહન ભથ્થું અથવા મુસાફરીની છૂટનું મૂલ્ય; (ઈ) કામદારને તેના રોજગારની પ્રકૃતિના કારણે થતા વિશેષ ખર્ચને ચૂકવવા માટે આપવામાં આવેલી કોઈ પણ રકમ (એફ) મકાન ભાડું ભથ્થું; (જી) કોર્ટના ઓર્ડર અન્વયે પગારની ચુકવણી (એચ) કોઈ પણ ઓવરટાઈમ ભથ્થું; (આઈ) કર્મચારીને ચૂકવવાપાત્ર કોઈ પણ કમિશન; (જે) રોજગાર સમાપ્તિ પર ચૂકવાતી ગ્રેચ્યુઈટી કે છટણી વળતર વગેરે, **પરંતુ માલિકે કામદારને ચૂકવેલ ઉપરોક્ત 'એથી આઈ' સુધીની રકમ, જો કુલ મહેનતાણાના ૫૦% કે સરકાર ઠરાવે તેવા અન્યથી** વધુ હશે તો તે ૫૦% કે સરકારે ઠરાવેલ વધારા સુધીની આ તમામ રકમ વેતન ગણાશે. વસ્તુરૂપે કુલ પગારના ૧૫% થી વધુ વેતન ચૂકવી શકાશે નહીં.

તમામ જાતિમાં વેતનની સમાનતા માટે ડી, એફ, જી અને એર પણ લક્ષમાં લેવાશે. કલમ-૨(૮૯) 'વેતન ટોચમર્યાદા અથવા સીલિંગ'-પ્રકરણ-III (ઈપીએફ) અને પ્રકરણ-IV (ઇએસઆઇ) હેઠળ સભ્ય બનવાના હેતુઓ માટે કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત કરવામાં આવી શકે તેટલી વેતનની રકમ; હાલની સીલિંગ ઈપીએફ રૂ. ૧૫૦૦૦, ESI રૂ. ૨૧૦૦૦ છે.

પગારની આ જોગવાઈઓના કારણે સામાજિક સુરક્ષા કપાત વધશે, કામદારની ટેક હોમ સેલરી ઘટશે. માલિકને પણ પગારખર્ચ વધશે પરંતુ કાયદાનું ભવિષ્ય સુરક્ષિત બનશે.

